સુવિચાર

જો માણસ ઉત્સાહ ગુમાવ્યા વગર પૃથ્વીને ખોદવાનું ચાલુ રાખે તો એને પાણી મળી જ રહે છે.

:: સૌજન્ય ::

નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૮/૧૨/૨૦૨૪, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૮૧ માગશર વદ-૧૩ વર્ષ : ૧૬ અંક : ૦૧૪





## સોશ્યલ મીડિયામાં વાયરલ થયેલ પત્ર બાબતે તાલુકા પંચાયતનાં પૂર્વ પ્રમુખ વનરાજભાઈ કોઠીવાલનું નિવેદન

# મહેરબાની કરીને કૌશિક વેકરિયા વિરૂધ્ધ ખોટા કાવતરા કરવાનું બંધ કરી દેજો

**તાલુકા પંચાયતનાં વર્તમાન પ્રમુખ કિશોર કાનપરિયાનાં નામે કોઈ હિતશત્રુએ લેટર સોશ્યલ મીડિયામાં વાયરલ કરતાં નારાજગી**

**જો કે પ્રમુખે વાયરલ થયેલ લેટર બનાવટી હોવાનો પણ સ્પષ્ટ ખુલાશો કરી દીધો**

**અમુક લોકોની આવા બનાવટી લેટર લખવામાં હોંશિયારી છે અને તેઓ આવું કરતાં આવ્યા છે**

**અમરેલીમાં વિકાસની ગંગા વહાવનાર યુવા નેતાને બદનામ કરવાનો પ્રયાસ સહન કરવામાં નહી આવે**

અમરેલી, તા. ૨૭

અમરેલીનાંધારાસભ્યઅને નાયબ દંડક કૌશિક વેકરિયા વિરૂધ્ધનાં લખાણવાળો બનાવટી લેટર સોશ્યલ મીડિયામાં તાલુકા પંચાયતનાં પ્રમુખ કિશોર કાનપરીયાનાં નામે વાયરલ થતાં તેના ઘેરા પ્રત્યાઘાતો પડયા છે અને આ અંગે તાલુકા પંચાયતનાં પ્રમુખ વનરાજભાઈ કોઠીવાલે બનાવટી પત્ર





વાયરલ કરનારને આવા કાવતરા ન કરવાની ચીમકી આપી છે.

તેઓએ એક નિવેદનમાં જણાવેલ છે કે, અમરેલી જિલ્લામાં સંગઠનના માધ્યમથી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ સાથે સંગઠનને મજબૂત બનાવનાર અને જિલ્લામાં વિકાસના ઐતિહાસિક કામો કરાવનાર

અનુસંધાન પાના ૬ ઉપર

## દેવભૂમિ દેવળીયાનાં સરપંચ ભાવનાબેન સુખડીયાનું નિવેદન

# યુવા નેતા કૌશિક વેકરિયા વિકાસ કાર્યો કરી રહ્યા હોય તેઓને બદનામ કરવાનુ બંધ કરો

**રાજકીય વિરોધીઓ કોંગ્રેસ સાથે મળીને ષડયંત્ર કરવાનું બંધ કરે**

અમરેલી, તા. ૨૭

અમરેલીનાં ધારાસભ્યને બદનામ કરતાં લખાણવાળો પત્ર સોશ્યલ મીડિયામાં વાયરલ થતાં દેવભૂમિ દેવળીયાનાં સરપંચ ભાવનાબેન સુખડીયાએ પ્રદેશભાજપને એક પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, આજરોજ સવારે અમારા ધ્યાને આવેલ કે વ્હોટસએપમાં કોઈ અજાણ્યા ઈસમ દ્વારા કિશોરભાઈ આર. કાનપરિયા, પ્રમુખ તાલુકા પંચાયત અમરેલીના લેટર પેડનો દુરૂપયોગ કરીને પ્રમુખની સાઈન અને સિકકામાં છેડછાડ કરી પક્ષ

અનુસંધાન પાના ૬ ઉપર

## આજે જનપ્રતિનિધિઓ પ્રદેશ કાર્યાલયે જશે

# અમરેલીના ધારાસભ્યને બદનામ કરવાનાં પત્ર બાબતે ગાંધીનગરમાં રજુઆત

**પોલીસ વિભાગ દ્વારા બનાવટી પત્રની તપાસ થશે**

અમરેલી, તા. ૨૭

અમરેલીના ધારાસભ્ય વિઢદ્ધ લખાણ કરતો અમરેલી તાલુકા પંચાયત પ્રમુખના નામે ડૂપ્લિકેટ લેટર બનાવી ગંભીર આરોપ સાથે બદનામ કરવાના મામલો પોલીસ વડા સુધી પોહચ્યોહતો.અમરેલીતાલુકાપંચાયત પ્રમુખ કિશોર કાનપરીયા એ લેટર ડૂપ્લિકેટ ગણાવ્યો હતો. ધારાસભ્ય ને બદનામ કારતો ડુપ્લીકેટ લેટર બામ્બ સામે ભાજપના ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ આવતી કાલે ગાંધીનગર રજૂઆત અર્થે પણ જશે.

અનુસંધાન પાના ૬ ઉપર

## તાલુકા પંચાયતના પ્રમુખ કિશોર કાનપરીયાનાં ખુલાશો

# સ્થાનિક મંડળ પ્રમુખની નિમણુંકમાં વિક્ષેપ ઉભો કરવા માટે કૌશિક વેકરિયાને બદનામ કરવાનો પ્રયાસ

**તેઓનાં બનાવટી લેટરપેડ અને બનાવટી સહી સાથે પત્ર તૈયાર થયો હોવાનું જણાવ્યું**

અમરેલી, તા. ૨૭

અમરેલીના ધારાસભ્ય કૌશિક વેકરિયાને બદનામ કરવા માટે જેના લેટરપેડ અને સહીનો ઉપયોગ થયો છે તેવા અમરેલી તાલુકા પંચાયતનાં પ્રમુખ કિશોર કાનપરીયાએ પ્રદેશ ભાજપ પ્રમુખનો વાયરલ થયેલ પત્ર બાબતે સ્પષ્ટતા કરી છે.

તેઓએ જણાવેલ છે કે, હું કિશોરભાઈ આર. કાનપરિયા, તાલુકા પંચાયત, અમરેલીના પ્રમુખ તરીકે છેલ્લા દોઢ વર્ષથી ફરજ નિભાવી રહયો છું. આજરોજ સવારે મારા વ્હોટસઅપમાં કોઈ અજાણ્યા ઈસમ દ્વારા તાલુકા પંચાયત, પ્રમુખ તરીકેના મારા લેટર પેડનો દુરૂપયોગ કરીને એક ડૂપ્લીકેટ કોપીનાં આધારે મારી સાઈન અને સિક્કામાં છેડછાડ કરી આ ડૂપ્લીકેટ લેટરપેડમાં તેનો ઉપયગ કરી પક્ષ અને સ્થાનિક ધારાસભ્ય વિશે તદન ખોટી વાતો લખી તેમની પ્રતિષ્ઠાને ઠેસ પહોંચે તથા કાર્યકર્તાઓનો મોરલ તોડવા તદન ખોટી વાતો ઉપજાવી કાઢી, વ્હોટસઅપનાં માધ્યમથી વાયરલ કરવાનો નિરર્થક પ્રયાસ કરવામાં આવ્યો જે ધ્યાને આવેલ છે.

ઉપરોકત બાબતે જણાવવાનું કે આ ડૂપ્લીકેટ લેટરમાં અમરેલીના યુવા અને લોકલાડીલા ધારાસભ્ય કૌશિક વેકરીયાની પ્રતિષ્ઠાને ઠેસ પહોંચાડવા પ્રયત્ન કરવામાં આવ્યો છે. તથા નગરપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત સહિત સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ બાબતે તમામ આક્ષેપો તેમના નામ ઉપર લગાડવામાં આવ્યા છે. જે તદન ગેરવ્યાજબી અને તથ્યથી વિહોણા છે.

વધુમાં જણાવવામાં આવ્યું કે, એક સમયે કોંગ્રેસના ગઢ ગણાતા

અનુસંધાન પાના ૬ ઉપર

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા બંધનુ એલાન

# બગસરા પાલિકાએ વેરામાં વધારો કરતાં તેના વિરોધમાં ૩૧ ડિસેમ્બરનાં બંધનું એલાન

**ધારાસભ્ય અને પાલિકા પ્રમુખે વેરા વધારાનુ કારણ જણાવ્યું**

બગસરા, તા. ૨૭

બગસરા પાલિકાએ વેરા વધારો કરવા માટની મંજૂરી મળતા સામાજિક સંસ્થા ચેમ્બર ઓફ કોમર્સે તા. ૩૧ મીએ શહેર બંધનુ એલાન આપ્યુ છે. આ ઉપરાંત માર્કેટિંગ યાર્ડ દ્વારા તમામ પ્રકારની હરાજી. જેમાં શાકભાજી અનાજ કઠોળ સહિતની હરાજી ૩૧ મીએ બંધ રાખી અને આ હડતાલને ટેકો જાહેર કરેલ છે તેમજ નવનિયુક્ત વેપારી મહા મંડળ દ્વારા આ નગરપાલિકાના વેરો વધારવા બાબતે લઈને સખત વિરોધ વ્યક્ત કરી તેણે પણ ટેકો જાહેર કરેલ છે આ ઉપરાંત કાપડ એસોસિએશન દ્વારા ટેકો જાહેર કરેલ છે જો કે મામુલી વેરો વધારવો પડે તેવી સ્થિતિ હોવાનુ પાલિકા પ્રમુખે જણાવ્યું હતું.

બગસરામાં જુદા-જુદા વેરા નાખવામાં આવતા દર વર્ષે રૂ.૭૦૦નો વેરા બોજ શહેરીજનોને પડતો હોવાથી આ બાબતે ચેમ્બર ઓફ કોમર્સે વેરા વધારાના વિરોધમાં તા. ૩૧ મીએ બગસરા બંધનું એલાન આપ્યુ છે. આ અંગે ધારાસભ્ય જે.વી. કાકડીયાએ જણાવ્યું હતુ કે શહેરના વિકાસ માટે અને કર્મચારીઓના પગાર નિયમિત થાય તે માટે વેરો વધારવો જરૂરી છે.

તો પાલિકા પ્રમુખ જયોત્સનાબેન રીબડીયાએ જણાવ્યું હતુ

અનુસંધાન પાના ૬ ઉપર
















### દેશની આર્થિક શકિતને સમૃધ્ધ કરનાર

# પૂર્વ પ્રધાનમંત્રી ડો. મનમોહનસિંહને શ્રધ્ધાંજલિ પાઠવતાં દિલીપ સંઘાણી

### સમગ્ર દેશને ન પૂરી શકાય તેવી ખોટ પડી



અમરેલી, તા. ૨૭


ભારતની અર્થ શકિતને સમૃધ્ધ કરવાનું કામ શાલીન વ્યકિતત્વ અને કુશળ અર્થશાસ્ત્રી, બહુમુખી પ્રતિભા સંપન્ન પૂર્વ વડાપ્રધાન ડો. મનમોહન સિહએ સફળ રીતે દેશને આપ્યું આજે આપણી વચ્ચે તેઓ નથી તેમના સ્વર્ગારોહનને મારી વિનમ્ર શ્રધ્ધાંજલી અર્પુ છુ તેમ પૂર્વ કેબીનેટ મંત્રી ઈફકો ચેરમેન દિલીપ સંઘાણીએ સદ્દગત આત્માને શ્રધ્ધાજંલી પાઠવતા જણાવ્યું હતું.

વધુમાં જણાવેલ છે કે, ડો. મનમોહનજીની સેવાઓ આર્થીક અને સામાજીક ક્ષેત્રે છવાયેલી છે તેમના જવાથી સમગ્ર દેશ શોકાતુર છે ડો. સિંહના પરિવારજનો પ્રતિ મારી સંવેદના વ્યકત કરવા સાથે સદ્દગતના દિવ્ય આત્મા મોક્ષપ્રાપ્ત કરે તેવી વિનમ્ર શ્રધ્ધાંજલી અર્પિત કરૂ છું તે અંતમા જણાવેલ.

### ધારાસભ્ય સહિતનાં આગેવાનોની રજૂઆત સફળ

# અરે વાહ : જાફરાબાદ ખાતે મામલતદાર કચેરીનું આધુનિક મકાન બનાવાશે

### ધારાસભ્ય સોલંકીએ મુખ્યમંત્રીનો આભાર માન્યો





જાફરાબાદ, તા. ૨૭

અમરેલી જિલ્લાના સૌથી છેવાડાના ગણાતા જાફરાબાદ શહેરમાં નવી મામલતદાર કચેરી મંજૂર કરવામાં આવતા આનંદની લાગણી પ્રસરી જવા પામી છે.

જાણવા મળતી વિગત મુજબ જાફરાબાદના લોકો માટે નવી મામલતદાર કચેરી મંજૂર થાય તે માટે ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, ચેતનભાઈ શિયાળ ભગુભાઈ સોલંકી, રામભાઈ સોલંકી, સરમણભાઈ બારૈયા સહિતના આગેવાનોએ રજૂઆત કરી હતી. જાફરાબાદ શહેર અમરેલી જિલ્લાનો સોથી છેવાડાનો વિસ્તાર છે અહીં ૩૯ ગામો તેમજ જાફરાબાદ શહેરની વસ્તી માટે થોડા સમય પહેલા નવી તાલુકા પંચાયત વિના બાદ જાફરાબાદ ખાતે નવી મામલતદાર કચેરી ૫ કરોડના મંજૂર કરવામાં આવતા આનંદની લાગણી પ્રસ્તરી જવાબ પામી છે આ બાબતની ટેન્ડરિંગ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

આ બાબતે ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે મારા મતક્ષેત્ર જાફરાબાદ ખાતે સુવિધાનું વધુ એક પીછું ઉમેરાશે.

જાફરાબાદ ખાતે વિવિધ સરકારી કામો જેવા કે વિવિધ દાખલાઓ, ૭/૧૨/૮/અ, આધારકાર્ડ, ચૂંટણીકાર્ડ, જમીન સંબધિત જન સેવા કેન્દ્ર, સહિત તમામ રેવન્યુ કામોની વડી કચેરી એવી ''મામલતદાર કચેરી'' રૂ. ૫ કરોડના ખર્ચે નવી કચેરી મંજૂર થતા ગુજરાત ના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનો છેવાડાના શહેર જાફરાબાદ ખાતે મંજૂરી આપતા આ વિસ્તારના જન પ્રતિનિધિ તરીકે સહૃદય આભાર માનુંછું.

### દલિત સમાજનાં આગેવાન સોમાભાઈ બગડાનાં પ્રયાસોથી

# બળેલ પીપરીયાનો ૫૦ વર્ષ જુનો ગટરનો પ્રશ્ન દૂર થતાં ગામજનો ખૂશ

### દલિત સમાજનાં આગેવાનનું સન્માન કરાયું



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૭

બાબરા તાલુકાના બળેલ પીપરીયા ગામે દલિત વિસ્તાર ઈતર સમાજના વિસ્તારમાં ૫૦ વર્ષથી વરસાદી પાણી જે આ વિસ્તારના ઘરોમાં પાણી ભરાઈ જતુ હોય જેનુ સતત સરકારને અવાર નવાર જિલ્લાના દલિત સમાજના આગેવાન સોમાભાઈ બગડા તથા પુર્વ સરપંચ ભીખાભાઈ દાફડાએ રજુઆત કરવામાં આવતા આ પ્રશ્નનો સરકાર ધ્વારા નિરાકરણ કરવામાં આવ્યુ અને હાલ આ વિસ્તારમાં પાણીની પાઈપલાઈન નાખવાનું યુધ્ધના ધોરણે કામગીરી સરપંચ મનસુખભાઈ દુધાતની દેખરેખ નીચે કામગીરી ચાલુ હોય. જેથી આ વિસ્તારના રહીશો જિલ્લાના દલિત સમાજના આગેવાન સોમાભાઈ બગડા તથા બળેલ પીપરીયા સરપંચ મનસુખભાઈ દુધાતનુ સન્માન કરવામાં આવ્યુ. જેમાં ઉપસ્થિત ભીખાભાઈ દુધાત, ખોડાભાઈ મારૂ, ભીમાભાઈ મૈયાત્રા, વાલાભાઈ પાલાભાઈ દાફડા ધ્વારા સન્માન કરવામાં આવ્યુ.

### વર્ષ ૨૦૨૪નાં અંતિમ દિવસોમાં કડકડતી ઠંડીનો પ્રારંભ

# બાબરા પંથકમાં વ્હેલી સવારે ગાઢ ધુમ્મસ છવાયુ ઠંડો પવન ફુંકાતા સૌ કોઈ ગરમ કપડામાં જોવા મળ્યા

### ગાઢ ધુમ્મસનાં કારણે વાહનોની અવરજવરમાં ઘટાડો





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૭

બાબરામાં વહેલી સવારથી મોડે સુધી ગાઢ ધૂમમ્સ પ્રસરતા ભારે ઠંડો પવન નીકળતા લોકો ઠંડીમાં ધ્રુજી ઉઠયા હતા અને ઠંડીથી બચવા તાપણું તેમજ ગરમ વસ્ત્રો પહેરી બહાર નીકળવાનું પસંદ કરતાં હતાં. સતત ઠંડીના કારણે મોરનીંગ વોક લોકોની સંખ્યામાં ઘટાડો જોવા મળ્યો હતો.

બાબરામાં સતત ત્રણ ચાર દિવસ ગાઢ ધૂમમ્સ રહેતા અને શીત લહેર પ્રસરતા દિવસ દરમિયાન વાદળ છાયું વાતાવરણ વચ્ચે આકરી ઠંડી પડી રહી છે. લોકો બિનજરૂરી બહાર નીકળવાનું પસંદ કરતાં નથી. નાના બાળકો અને વૃદ્ધ લોકો ભારે ઠંડીના કારણે ઘરમાં પુરાયને રહે છે. સન લાઈટ માટે પણ લોકો ચાર દિવસથી રાહ જોવે છે સવારમાં હુંફાળો તડકો મેળવવા લોકો બહાર આવે પણ વાદળછાયા વાતાવરણમાં સૂર્ય ઢંકાયેલા રહે છે.

ગાઢ ધૂમમ્સના કારણે રોડ રસ્તાઓમાં વિજીબિલિટીમાં ઘટાડો થતા રોડ પર પસાર થતા વાહન ચાલકોને મુશ્કેલીઓનો સામનો કરવાની ફરજ પડી હતી.

રવિ પાકમાં પણ ઝાંકળ નુકસાનકારક સાબિત થઈ રહ્યું છે. હાલ જીરૂં, ચણા ઘઉં સહિતના રવિ પાકો ઉભા છે જેની ઉપર ઝાંકળની સીધી અસર જોવા મળતા ખેડૂતોમાં નુકસાનની ભીતિ જોવા મળી હતી.

# સાવરકુંડલા : ''રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસ'' કાર્યક્રમ યોજાયો



સાવરકુંડલા, તા. ૨૭

ગ્રાહક સુરક્ષા સપ્તાહ ઉજવણી અંતર્ગત ''રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસ'' અને કાનૂની શિબિર અંતર્ગત એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કુલ સાવરકુંડલામાં વિદ્યાર્થીની બહેનોને ગ્રાહક સુરક્ષા અને ગ્રાહક જાગૃતિ અંગેનું માર્ગદર્શન સાવરકુંડલા ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ હિરાણી સાહેબ, પાંધી સાહેબ, હર્ષદભાઈ જોશી તેમજ કાનૂની શિબિરમાં એડવોકેટ કિરણબેન કાચા, શ્રદ્ધાબેન તથા રક્ષાબેન ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત પુષ્પગુચ્છ આપી મહેમાનોને આવકારવામાં આવ્યા હતા. ત્યારબાદ બીપીનભાઈ પાંધી દ્વારા ઓનલાઈન શોપિંગ અને ખરીદી વખતે કઈ બાબતોને ધ્યાનમાં રાખવી તે વિશે ઊંડાણપૂર્વક સમજ આપવામાં આવી હતી. હર્ષદભાઈ જોશીએ ગ્રાહક સુરક્ષાના નિયમો સમજાવ્યા અને અંતે ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ હીરાણીએ ગ્રાહકોને લગતી તમામ બાબતોની વિસ્તૃત ચર્ચા કરી. સમગ્ર કાર્યક્રમનુ સંચાલન કન્ઝયુમર કલબના કન્વીનર હિતેશભાઈ ઢાપા દ્વારા કરવામાં આવેલ અને આભાર વિધિ મેહૂલભાઈ મહેતા દ્વારા કરવામાં આવેલ હતી. અને આ કાર્યક્રમને સફળ બનાવવા શાળાના આચાર્યા ઉષાબેન તેરૈયા અને સુપરવાઈઝર નીતાબેન ત્રિવેદીએ જહેમત ઉઠાવી હતી.

# ચલાલાનાં ગાયત્રી સંસ્કારધામની વિદ્યાર્થીનીઓએ રાજય પુરસ્કારની પરીક્ષા આપી





ચલાલા, તા. ૨૭

શ્રી ભગવતી દેવી રેંજર ટીમ (હરીબા મહિલા કોલેજ ગયાત્રી સંસ્કારધામ) ચલાલાની બહેનોએ તથા સ્કાઉટ મહેતાએ રાજય પુરસ્કારની પરીક્ષા અમરેલી જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા આયોજિત ઝવેરચંદ મેઘાણી હાઈસ્કુલ બગસરા ખાતે આપી.

### જેતપુરની ડાઈગ અને પ્રિન્ટિંગ ઉદ્યોગથી પરેશાની

# જાફરાબાદનાં માચ્છીમારી સમાજે દરિયાનું પાણી દુષિત કરનાર વિરૂધ્ધ આવેદનપત્ર પાઠવ્યુ

### દુષિત પાણીનાં લીધે માચ્છી અને તેનાથી જનઆરોગ્ય પર ખતરો



તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

અમરેલી, તા. ૨૭

જેતપુર ખાતે ૨૦૦૦ ઉપરાંત ડાઈગ એન્ડ પ્રિન્ટિંગ ઉદ્યોગ ફેકટરીઓ આવેલ છે. આ તમામ ફેકટરીઓનાં કેમિકલ વેસ્ટ સમુદ્રમાં જતાં સમગ્ર રાજયના દરિયાઈ કાંઠા વિસ્તાર જે મત્સ્ય વિહોણો બની જશે તેમજ ઉપયોગમાં લેવાતી માછલીઓ આ કેમિકલ વેસ્ટથી પ્રભાવિત થતા લોખો પરિવારો ઉપર અસાપ્રય રોગોના પણ શિકાર બની શકે છે. તેમજ દરિયાઈ જીવસૃષ્ટિ ઉપર મોટો ખતરો ઉભો થશે અને દરિયાઈ વનસ્પતિ ઉપર પણ ખતરો ઉભો થશે આના કારણે લાખો માછીમારો ની આજીવિકા છિનવાઈ જશે અને માછીમારો બેરોજગાર બની જશે અને દરિયાઈ જીવસૃષ્ટિ ખત્મ થઈ જશે સરકાર દ્વારા ઓદ્યોગિક કંપનીઓને આ કેમિકલ યુકત પાણી પ્રોપર ટ્રીટ કરી રીયુજના આદેશ કરવાનાં બદલે આ કેમિકલ વેસ્ટ રાજયના સમુદ્રમાં નાખવા ડીપ સી ડીસ્પોઝલ પાઈપલાઈન પ્રોજેકટની પરવાનગી આપતાં રાજયના માછીમારો પરિવારોની આજીવિકા સાથે સમગ્ર દરિયાઈ જીવસૃષ્ટિનું અસ્તિત્વ ઉપર મોટો પ્રશ્નાર્થ ઉભો થયો છે. આ બાબતે જાફરાબાદ સાગરખેડૂ દ્વારા મામલતદાર મારફતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા ગુજરાત રાજય મુખ્ય મંત્રીને આવેદનપત્ર આપવામાં આવ્યું.

જાફરાબાદ માછીમાર બોટ એસોસિયન પ્રમુખ કનૈયાલાલ તેમજ મુસ્લિમ સમાજ કોળી સમાજ તેમજ તમામ બોટ માલિકો મોટી સંખ્યામાં બાઈક રેલી યોજના છાપણીઓથી મામલતદાર સુધી આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

# ગોપાલગ્રામ ખાતે શ્રીમદ્ ભાગવત સપ્તાહમાં સાંસદ સુતરીયા ઉપસ્થિત રહ્યા



ચલાલા, તા. ૨૭

ધારી તાલુકાના ગોપાલગ્રામ મુકામે સુતરિયા પરિવાર દ્વારા પિતૃ મોક્ષાર્થે આયોજીત શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞમાં કથા શ્રવણ કરતાં સાંસદ ભરતભાઈ સુરરિયા, ધારી બગસરા વિસ્તારનાં ધારાસભ્ય જે.વી.કાકડીયા, ચલાલા નગરપાલિકા પૂર્વ પ્રમુખ હિંમતભાઈ દોંગા, ધારી માર્કેટ યાર્ડના વાઈસ ચેરમેન હર્ષદભાઈ રાવલ, વિપુલ ભટ્ટી તેમજ ગામના આગેવાનો શંભુભાઈ વાડદોરિયા, ચુનીભાઈ ગજેરા, રમણિકભાઈ ઠુમ્મર, હરીભાઈ વાડદોરિયા, બાબુભાઈ, ગોબરભાઈ ગજેરા, ડો. વાળા સુતરિયા પરિવાર વતી મગનભાઈ સુતરીયાએ ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત અભિવાદન કર્યુ હતું. તેમ પ્રકાશ કારીયાએ જણાવેલ છે.

# રાજુલા ખાતે એસપીની સુચનાથી પોલીસ ટીમ દ્વારા સ્પેશિયલ ડ્રાઈવ યોજાઈ







અમરેલી જીલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાત તેમજ મદદનીશ પોલીસ અધિક્ષક વલયવૈધ સાવરકુંડલા એ રાજુલા પો.સ્ટે.ના પોલીસ ઈન્સ્પેકટર વી.એમ.કોલાદરા સુચના આપતા રાજુલા પી.આઈ દ્વારા સ્પેશિયલ ડ્રાઈવ ચાલુ કરવામાં આવી સ્પેશિયલ ડ્રાયમાં હાલ ૩૧ ડિસેમ્બર આવી રહી હોય ત્યારે સમગ્ર વિસ્તારોમાં કોઈ પણ દારૂની હેરાફેરી ન થાય તે બાબતે વાહન ચેકીંગ ફોરવિલ ગાડીમાં કાળા કાચ નંબર પ્લેટ વગરનાં વાહનો સામે કડક કાર્યવાહી કરવાનું શરૂ કરેલ તેમજ હાલમાં ખૂબ જ ઠંડી પડી રહી હોય ત્યારે રાત્રિના લૂંટફાટનો ભય હોય ત્યારે રાજુલાના પી.આઈ દ્વારા ટ્રાફિક ડ્રાઈવ તેમજ નાઈટ પેટ્રોલિંગ ગોઠવવામાં આવી તેમજ હાલમાં મકરસક્રાંતિ આવી રહી હોય ત્યારે અનેક વાહન ચાલકોને ગળામાં દોરી વાગવાથી ઈજાગ્રસ્ત થતા હોય છે ત્યારે લોકોને સુરક્ષા માટે પણ જાગૃત કરવામાં આવ્યા મોટરસાયકલ માં સાથે નાના બાળકોને લઈને નીકળતા હોય તેવા વાહનોમાં મકરસંક્રાંતિ સુધી સેફટી ગાર્ડ લગાવવાની પોલીસ દ્વારા લોકોને અપીલ કરવામાં આવી તેમજ રાત્રિના પેટ્રોલિંગ દરમિયાન ફોરવીલ વાહનોને ખાસ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું તેમજ નાના બાળકોને મોટરસાયકલ ચલાવવાન આપવાની રાજુલા પોલીસ દ્વારા અપીલ કરવામાં આવી.

# જ્ઞાનનો શેર બમણો થાય ક્યારેય મમડે નહિ

## પગદંડી/લેખન



**– શ્રી રવજીભાઈ ( કાચા સાહેબ )**

જ્ઞાન અમૂલ્ય છે. જ્ઞાનની તોલે કંઈ ન આવે. કુબેરનો ભંડાર ખૂટી જાય, કોઈપણના ધન, દોલત, બંગલા છૂટી જાય. કરોડપતિમાંથી રોડ પતિ બની શકે, પણ જ્ઞાની માણસ કયારેય કંગાલ ન હોઈ શકે. ભલે એ નિર્ધન હોય. જ્ઞાનથી અબજોપતી અમૂલ્ય હોય છે કરે છે તે ધન વાપરવાથી ઘટે છે ને જ્ઞાન વાપરવાથી કે વહેંચવાથી વધે છે.

કોઈ શેરમાં એફ.ડીમાં બેંકમાં મૂડીરોકાણ કર્યુ હોય. એ નિયમાનુસાર વધે ઘટે છે હમણાં STPમાં સલામત મૂડી રોકાણ છે એમ બચતકારો, ધંધાર્થીઓ કહે છે ને અસંખ્ય માણસો નાની મોટી મૂડીનું રોકાણ કરે છે. આવા રોકાણ કયારેક માથે પડે છે તો કયારેક ધોવાઈ જાય છે પણ કેળવણીમાં, શિક્ષણમાં કરેલું મૂડી રોકાણ એવું છે કે કયારેક નિષ્ફળ જતું નથી. ઓછું થતું નથી. ઉલટાનું જ્ઞાન જેટલું વાપરીશું રોકાણ કરીશું એટલો એમાં વધારો થતો રહેશે.

કહે છે ને કે બુધ્ધિ કોઈના બાપની નથી. બુધ્ધિનો બીજો પર્યાય શબ્દ છે. જ્ઞાન, કેળવણી ધારો કે કોઈનું ઉચ્ચકક્ષાનું શિક્ષણ મળે તો જ તેનો બેડોપાર થાય છે ? એની સામે અપૂરતું અધુરૂં શિક્ષણ મેળવનાર શું નિષ્ફળ જાય છે ? પેલી કહેવત તો યાદ હશે જ કે મોરનાં ઈંડાને ચીતરવા ન પડે. જોઈએ તો અકબરથી ધીરૂભાઈ અંબાણી સુધીના લોકો વાતો એવું સાબિત કરે છે કે અધુરૂ શિક્ષણ મળ્યું હોય તોપણ માણસ અનુભવ કે કેળવણીના કે જ્ઞાનના આધારે સફળ થઈ જાય છે. અકબરના દરબારમાં નવરત્નો હતા. એ રત્નો કોઈ પથ્થરના નહોતાં. માણસો હતાં. પણ એમાંથી માત્ર આજ દિવસ સુધી અકબર અને બીરબલની જ વાતો કેમ થાય છે ? પણ વાત એ છે કે કુવામાં હોય તો હવાડામાં આવે સુંદર મજાના કાચના ટુકડાને ગમે તેટલો ઘસીએ તો શું એ હિરો બની શકશે ?

થોડો આપણો વિચાર કરીએ. આપણને યાદ હશે કે આપણે જયારે સ્કુલમાં ભણતાં હતાં ત્યારે આપણાં વર્ગમાં ૪૦–૫૦ બાળકો ભણતા હતાં. શું તેમાંથી બધાં જ નોકરી, ધંધો કરે છે ? જીવનમાં સફળ થયા છે તમારા જેટલું કમાય છે. શું બધાને ઉચ્ચ હોદો મળેલ છે. તો આવું કેમ બન્યું ? વર્ગમાં બધાં બાળકોને શિક્ષકે એક સરખુ જ ભણાવ્યું હતું તો આવું બન્યું શા માટે ? એનો એક માત્ર જવાબ હોઈ શકે જ્ઞાન, બુધ્ધિ એટલે જ કહે છે ને કે બુધ્ધિ કોઈના બાપની નથી.

અકબર અભણ તો ન કહી શકાગ પણ ઓછું ભણેલ હતો તો તેની સરખામણીમાં તેનો પુત્ર સલીમને ભણાવવામાં અકબરે કોઈ કચાસ રાખી ન હતી. છતાં સલીમ એના બાપ અકબર જેવો કેમ ન થઈ શકયો ?

કૌરવ–પાંડવો ૧૦૫ હતાં. ગુરૂદ્રોણે બધાને એક સરખું જ્ઞાન આપેલ ધનુરવિદ્યા શીખવેલ. પણ એ ૧૦૫માંથી માત્ર અર્જુન જ કે મોટો બાણાવાળી બન્યો ? તો તેની સામે જનુલ ધનુરવિદ્યામાં આગળ ન આવતા તલવારબાજીમાં પારંગત થયો.

થોડી આડ વાત કરૂ ૧૦૫ પાડવ કૌરવોને શ્રેષ્ઠ ગુરૂ દ્રોણે શિક્ષા આપી. પણ પેલા જ ભીલના છોકરા એકલવ્યને કોણે ધનુરવિદ્યા શીખવેલી ? માત્ર ગુરૂ દ્રોણને સામે રાખી શીખતો ગયો ને અર્જુનની બરોબરી કરી શકયો.

કૃષ્ણ પાસે બહુ મોટી પાંડવોની સેના હતી. એમાં એનાં સંતાનો પણ હતાં. તેમ છતાં કેમ તેઓની યાદવાસ્થળી થઈ ? આપણાં ગાંધીજીની થોડી વાત કરીએ. ગાંધીજી આટલાં ભણેલાં, બુધ્ધિશાળી, કેળવાયેલા હતાં. તેમણે તેમના પુત્ર હરિદાસ કે દેવદાસ સાવ હાથથી ગયો શું ગાંધીજીએ એમને શિક્ષણ, કેળવણી નહિ આપી હોય ? ગાંધીજીના જીવને કરોડો લોકોનાં જીવન બદલી નાખ્યાં પણ એમનાં સંતાનો ?

જગતના પટ પર બનેલાં વૈજ્ઞાનિકો બધાં જ ભણવામાં હોશિયાર હતા. ? ના તેમના જીવનચરિત્રો વાંચતા સ્પષ્ટ થાય છે કે તેમના ઘણાં વિશાળનું શિક્ષણ પણ પુરૂ કરી શકેલ નહિ. જેમ કે આલ્બર્ટ આનિસ્ટાઈન ભણવામાં સાવ નબળી હતી. એમનું ભણવાનું ભારે જમી પર જેવું હતું. છતાં તેઓ મહાન વૈજ્ઞાનિક બન્યા. પૃથ્વી પર રહીને બ્રહ્માડનો હણ મેળવી શકયા.

ઘણા બધાને પ્રશ્ન થયેલો હતો ને હશે કે શું ખરેખર ભગવાન છે ? નરેન્દ્રને આવો પ્રશ્ન થયેલો ને અંતે નરેન્દ્રમાંથી વિવેકાનંદ બની ગયા. જેનામાં પૃથ્વી પ્રશ્ન જાગે છે, પ્રશ્નો ઊઠે છે તેઓ મહાન બની શકે છે. તેમની બુધ્ધિનો વિકસા થાય છે.

મિત્રો, આજનું શિક્ષણ માત્ર માહિતી છે. એ કેળવણી નથી. કેળવણી તો સર્વાંગી હોય છે. બાળ કને માતાપિતાએ કે શિક્ષકે એવો પ્રશ્ન પુછયો કે તારે શું બનવું છે ? ના મા બાપ તો ઈચ્છે છે કે તેનો દીકરો, દીકરી, ડોકટર, એન્જિનિયર બને. ને બાળકની કેળવણી રૂંધાય છે. એને એની રસરૂચિના વિષયમાં આગળ વધારવો જોઈએ. તો ઓછા શિક્ષણે પણ તે નામ કમાઈ શકે.

અંતમાં એટલું જ કે મૂડી રોકાણ જ્ઞાનમાં કેળવવામાં થશે. તો કયારેય પસ્તાવુ નહિ પડે. અસ્તુ.



# બાલ એકસપ્રેસ



– ઉખાણા
– બાળ વાર્તા
– જોડકણા
– બાલગીત
– જોકસ

**સંપાદક : રવજીભાઈ કાચા, અમરેલી**

## હસવાની મનાઈ છે

શિક્ષક : મચ્છર અને માખી વચ્ચેનો તફાવત શું ?
મનોજ : સર, મચ્છર આપણું લોહી પીએ છે અને માખી ચા પીએ છે.
વિષ્ણું જે. જોશી, રાજકોટ

મિન્ટુ : મારા પિતાના પિતા કૂવામાં પડયા હતા. તેમને વીસ વરસ પછી બહાર કાઢયા ત્યારે પણ તેઓ જીવતા હતા.
રિન્ટુ : મારા પિતાના પિતાનું ઘડિયાળ કૂવામાં પડયુ હતું. તે વીસ વરસ પછી બહાર કાઢયું ત્યારે પણ ચાલુ હાલતમાં જ હતું.
મિન્ટુ : ઓ તારી, આ તે કમાલ કહેવાય
રીન્ટુ : પિન્ટુ તારા પિતા કુવામાં પડયા પડયા શું કરતા હતા ?
મિન્ટુ : તારા પિતાની ઘડિયાલની ચાવી ભરતા હતાં.
મનસ્વી જે. ગોસાઈ, જશદણ

રિંકુ : તેં ચાર વાર આઈસ્ક્રીમ લીધો છે, છતાં પાંચમી વાર લેવા જાય છે તો તેને જરાય શરમ નથી આવતી ?
મોન્ટું : એમ મને શાની શરમ આવે ? અત્યારે સુધી હું જેટલી વાર આઈસક્રીમ લેવા ગઈ ત્યારે મેં એવું જ કહ્યું કે આ તારા માટે લઈ આવું છું.
કંગના બી. વેકરીયા, જુનાગઢ

સમીર : ડોકટર સાહેબઘ મને તો બહુ ડર લાગે છે.
ડોકટર : કેમ શું થયું છે ?
સમીર : ડોકટર સાહેબ, તમારો પાલતૂ ટોમી જોરજોરથી ભસી રહ્યો છે અને કરડવાના ઈરાદાથી મારી આગળ પાછળ ચકરવા મારે છે.
ડોકટર : થોડા ધીરજ ધરીને સહયોગ આપો. હકીકતમાં વાત એમ છે કે મારી પાસે શ્વાનના કરડવાના ઈલાજ અંગેના ઈન્જેકશન ધૂળ ખાતાં પડી રહ્યાં છે, વધુમાં ઈન્જેકશનની એકસપાયરી ડેટ પણ આ મહિનાની અંતની છે !
વિશાલ કે. પંડયા, અમરેલી

## ઋતુઓના આહાર–વિહાર

એ ઘણા આર્શ્ચની વાત છે કે ફરસાણના ભાવો કરતા ફળ ફળાદિના ભાવો અડધા હોવા છતાં આપણો મોટા ભાગનો સમાજ હજુ આરોગ્યપ્રિય હોવાને બદલે સ્વાદપ્રિય છે. માત્ર જિહવાની પરિતૃપ્તિ માટે સમગ્ર શરીર પર અત્યાચાર કરનારાઓનો આપણે ત્યાં તોટો નથી. એના એ અપરાધો તો હજુ એમની પુખ્તતાને કારણે જતાં કરીએ તો પણ આ રંગ તેઓ તેમના બાળકોને લગાડીને ગંભીર ગુનેગાર બને છે. દરેક ઋતુને પોતપોતાના ફળોની આહલાદક વિશાળ સૃષ્ટિ છે. એનું જ્ઞાન વાલીઓને હોવું જોઈએ. કારણ કે આહાર–વિહારની જવાબદારી શિક્ષણ સંસ્થાઓએ સ્વીકારી નથી. જયાં નિવાસી શિક્ષણ છે ત્યાં ફૂડ એન્ડ ન્યુટ્રીશનના નિયમોનું મહદઅંશે કુશળ સંચાલકો પાલન કરે છે. પરંતુ નવા જમાનાની માતાઓ આ વિદ્યાથી સર્વથા વંચિત છે. દરેક ઋતુના ફળ એ ઋતુના હવામાનમાં




ટકી રહેવા અને વિકસવા જરૂરી એવા શરીર માટેના ઉપકારક તત્વો લઈને આવે છે. એ તત્વોથી વિકસતું માનવ શરીર વંચિત રહી જાય તો એના શારીરિક વિકાસને માઠી અસર પહોંચે છે. ઋતુચર્યા એ ભારતીય આયુર્વેદનું વિશાળ પ્રકરણ છે અને સર્વસામાન્ય જનને સુલભ એવી રીતે એમાં માર્ગદર્શન આપવામાં આવ્યું છે, જેને શિશુઓ આંગણે રમતા થાય ત્યાં સુધીમાં દંપતીઓએ પ્રાપ્ત કરી લેવું જરૂરી છે.

**બાલમિત્રો,**



નાતાલની હાર્દિક શુભેચ્છાઓ...

તમે જાણોછ. શિક્ષણ અને કેળવણીમાં શો ફેર છે ? સાવ સીધી રીતે સમજાવું. શિક્ષણ કે જે તમે અત્યારે શાળામાં લઈ રહ્યાં છો. તે તમારા વર્ગમાં બધાને એક સરખું શિક્ષણ આપવામાં આવે છે. છતાં તમે જાણતા હશો કે વર્ગમાં કેટલાંક હોશિયાર, કેટલાંક ઠોડ હોય છે. કે ટલાકને તો વાંચતા પણ આવડતું નથી આવું કેમ ? એની પાછળનું કારણ કેળવણી છે. ઘરમાં માતા–પિતા પોતાનાં બાળકને શિક્ષણ સાથે સારી કેળવણી આપે તો આવો પ્રશ્ન ન આવે.

આગળ જતાં તમારામાંથી જ કોઈ ડોકટર, એન્જિનીયર, વકીલ, વેપારી, કલેકટર, ડી.એલ.પી. બનશે. પણ બધાં એટલાં હોંશિયાર નહિ હોય એટલે આવું બન્યું એટલે જ બાળમિત્રો, નાનપણથી જ જ્ઞાન, શિક્ષણ સાથે શિક્ષક અને માતા–પિતાની કેળવણીનું જ્ઞાન પણ શીખતા રહેજો.

## દેવલાં રે દેવલાં

એક ઘણી જ ગરીબ ડોશી હતી. દળણાં દળી અને સીવણ સીવીને માંડ માંડ પેટ ભરે. તેને બે છોકરાને એક છોકરી હતાં. એક દિવસે બાર માસનું પરબ દિવાળી આવી. ડોશી વિચારમાં પડી ઘરમાં કંઈ છે તો નહિ, ત્યારે છોકરાં માટે શું કરવું ? છોકરાંઓ પણ કહેવા લાગ્યાં માડી, માડી ! સેને ઘેર સારૂ સારૂ ખાવાનું થાય છે, આપણે ત્યાં કંઈક કરો ને !

ડોશીએ કહ્યું – ઠીક, બાપુ કંઈક કરશું, હોં ! ડોશીએ તો ઘરમાં ઘઉં હતા તેની શેવ કરી અને દિવાળીની સવારે ઓસાવી. ડોશીએ તો શેવ ઓસાવી પણ હડફામાં જુએ તો ઘી ગોળ ન મળે !

ડોશી તો સાડલાને છેડે બેએક આનાના પૈસા બાંધ્યા હતા તે લઈ બજારે ઘી ગોળ લેવા ગઈ. જતાં જતાં ડોશી કહેતી ગઈ– છોકરાંઓ ! હમણાં શેવ ખાશો મા. હું ઘી ને ગોળ લઈ આવું છું, પછી દેવને ધરાવીને ખાજો.

બાળકો કહે – ઠીક, માડી ! ડોશી તો બજારે ગઈ. છોકરાંઓ ઘી–ગોળની રાહ જોતાં શેવની તપેલી પાસે બેઠાં. એટલામાં એક કાળિયો કૂતરો આવ્યો અને લટપટ પૂંછડી હલાવતો હલાવતો તપેલીમાંથી શેવ ખાવા લાગ્યો.

બાળકોએ જાણ્યું કે માએ કહેલા તે આ દેવ હશે, પણ છોકરાંને



**બાલ કથાઓ**
**ગિજુભાઈ બધેકા (બાલ સાહિત્યના બ્રહ્મા)**

માએ કહેલું કે ઘી ગોળ આવે પછી દેવને ધરાવશું એટલે તેઓ બોલવા લાગ્યા –

દેવલાં !
દેવલાં ભાવે શેવલાં :
દેવલાં પૂંછડિયાં હલાવે,
ઊભા રહો ને દેવલાં !
મારી મા ઘી–ગોળ લાવે.

કૂતરો તો શેવ ખાઈને ચાલ્યો ગયો. બાળકો તો બિચારાં મોં વકાસી માની રાહ જોતાં બેઠાં. મા આવીને તપેલી જુએ તો તેમાં શેવ ન મળે ! માએ પૂછયું બેટાઓ ! ઉતાવળાં થઈ ઘી–ગોળ વિના શેવ કેમ ખાઈ ગયાં ?

છોકરાંઓ કહે માડી ! અમે નથી ખાધી. એ તો દેવ આવ્યા હતા તે અમે એમને ઘણીયે ના પાડી પણ ખાઈ ગયા. તપાસ કરતાં માલૂમ પડયું કે શેવ તો કૂતરૂ ખાઈ ગયું હતું. ઘરમાં બીજી શેવ ન હતી એટલે માની આંખમાં આંસુ ભરાઈ આવ્યાં, છોકરાં ન દેખે તેમ માએ તે લૂછયાં.

પછી ઊટકવા માટે ડોશી તપેલી લેવા જાય છે ત્યાં તપેલી શેવથી ભરાઈ ગયેલી હતી ! ડોશીએ અંતરથી પ્રભુનો ઉપકાર માની બાળકોને શેવને ઘી ગોળ ખવરાવ્યાં.

## ગણિત

ગણિતમાં એ એવો તો પાવરધો હતો કે કોઈ પણ દાખલાને કે કોયડાને ઘડીના છઠ્ઠા ભાગમાં જ તે ગણી નાખતો!

હવે, દરેક પરીક્ષાનાં પેપરોમાં વિકલ્પ અપાતા હોય છે ને ? અમુક આટલા પ્રશ્નોમાંથી ગમે તે અમુક આટલાના જવાબો લખો એ રીતે વિકલ્પ હોય છે. એ રીતે ગણિતના પેપરમાં પણ વિકલ્પ અપાયેલો.

પ્રશ્નપેપરના મથાળે જ સૂચના હતી: ''કુલ તેર પ્રશ્નોમાંથી ગમે તે નવ પ્રશ્નોના જવાબ લખો.''

પણ આ તો હતો સાચો વિદ્યાર્થી. વળી કુશાગ્રબુદ્ધિનો વિદ્યાર્થી.

ને એમાંય આ તો ગણિતનું પેપર એમાં વળી એને વિકલ્પ કેવો ?!

એણે તો આખું જ પેપર લખી નાખ્યું ! પૂછયા એટલા બધા જ પ્રશ્નોના જવાબ ઝપાટાબંધ લખી કાઢયા!

ઘડીના છઠ્ઠા ભાગમાં તો જાણે એનું આખું પેપર પુરૂં!

ને આખું પેપર લખી લીધા બાદ તેણે પોતાના જવાબપેપરમાં મથાળે સૂચના લખી: ''ગમે તે નવ પ્રશ્ન તપાસો'' : (!)

આમ લખીને સોની પહેલાં તેણે પોતાનું પેપર સુપરવાઇઝરને સોંપી દીધું!

જયારે પરીક્ષક પાસે આ વિદ્યાર્થીનું પેપર પહોંચ્યું ને જયારે પરીક્ષકે એ પેપર તપાસવાની શરૂઆત કરી ત્યારે તેની નજર પેલી સૂચના તરફ ગઈ: ''ગમે તે નવ પ્રશ્ન તપાસો.''

પરીક્ષક તો દંગ થઈ ગયા !

આટલાં બધાં પેપરોમાં પૂરા નવ પ્રશ્નોના જવાબ પણ કોઇ આપી શકયું ન હતું એવું અઘરૂ એ પેપર હતું; જયારે આ વિદ્યાર્થીએ બધા જ પ્રશ્નના જવાબ લખેલા, બધા જ પ્રશ્નના જવાબ ખરા હતા, ને વળી એમ સૂચના લખેલી: ''ગમે તે નવ પ્રશ્ન તપાસો.''

પરીક્ષક તો એના જ્ઞાન ઉપર આફરીન થઈ ગયા! એના આત્મવિસ પર વારી ગયા !!

પોતાના જ્ઞાનમાં એ વિદ્યાર્થી કેટલો ચોક્કસ હતો!

તેને પૂરો આત્મવિસ હતો કે: મારા લખેલા બધા જ જવાબો સાચા છે, ને પરીક્ષક એમાંથી કોઈ પણ જવાબ તપાસી શકે છે.

એ પરીક્ષામાં એ વિદ્યાર્થી પ્રથમ નંબરે પાસ થયો ને ખૂબ અભિનંદનનો અધિકારી બન્યો.

દોસ્તો ! આપણા દેશમાં જ થોડાં વર્ષ પહેલાં આ વિદ્યાર્થી થઈ ગયો છે....

આગળ ઉપર તો એ વિદ્યાર્થીએ મોટા થઈને આપણા સમાજનું એટલું બધું ભલું કર્યુ છે કે આજે પણ સૌ એને હોંશે હોંશે યાદ કરે છે.

ધર્મ અને ચિંતનના વિષયમાં એમનાં પુસ્તકો આજે પણ એક મહામૂલા ગ્રંથો ગણાયાં છે.

એ વિદ્યાર્થી તે સ્વામી રામતીર્થ!

## ભાગ–૨, – પ્રવાસ

**જગદીશભાઈ પટેલ**

વ્હીલચેરમાં લઈ જનાર સેવક મને વારંવાર યાદ અપાવતો રહ્યો કે ''સા'બ બહોત દૂર હૈ... બહોત સમય લગેગા.'' આવું લગભગ દસેક વાર તેણે કહ્યું હશે. તેનો હેતુ તેની બક્ષિસને સમજાવવાનો હતો. તે આડકતરી રીતે મને કહેતો હતો કે ''જોજો, ઓછી બક્ષિસ આપતા નહીં.'' મને તેની લાલચુ વૃત્તિ ન ગમી. આવો જ અનુભવ લગભગ બધાં એરપોર્ટ ઉપર થતો રહ્યો છે. પ્રશ્ન થાય છે કે શું આપણે લાલચુ છીએ ? મંદિરના છેલ્લે અમે ગયાં અને જોયું તો અમારા આગળનો ફર્સ્ટ કલાસ અડધો પણ ભરાયો ન હતો. મને લાગે છે કે આ કલાસ ખોટમાં ચાલતો હશે. કદાચ ભવિષ્યમાં આ કલાસ કાઢી નાખવાનો અથવા ઓછો કરી નાખવાનો વિચાર પણ આવે.

અમે સૌ પોતપોતાની સીટ ઉપર ગોઠવાઈ ગયાં. અહીંથી અમારી સાથે લાભુભાઈ લાખાણી તથા ડાકટર જીવરાજ ડાંખરા વગેરે પણ સપરિવાર જોડાયા હતા. તેઓ બધાં પણ બેસી ગયાં. વિમાન સમયસર ઊપડયું. ઘણાને ખબર નહીં હોય પણ વિમાનોને રિવર્સ ગિઅર હોતો નથી. ખરેખર તો વિમાનો ગિઅર્સ વિનાનાં જ હોય છે. એટલે જયારે વિમાનને પાછળ લેવું હોય ત્યારે કોઈ ક્શિાળી વાહન હૂક લગાવીને તેને પાછળ ધકેલતું હોય છે. અને યોગ્ય પોઝિશનમાં આવતાં છૂટું પડી જતું હોય છે. ઘણી વાર મોટાં એરપોર્ટ ઉપર વિમાન સમયસર ઊપડવા છતાં રન–વે ઉપર પહોંચતાં તેને ઘણો સમય લાગતો હોય છે, કારણ કે આગળ ઘણાં વિમાનો ઊડવાની તૈયારીમાં લાઈનસર ઊભાં હોય કે અત્યારે મુંબઈનો રનવે ફરીથી રિપેર થતો હોવાથી માત્ર એક રનવેથી કામ ચલાવવું પડે છે.

તેથી વિમાનોને ઊડવા માટે પાણી પ્રતીક્ષા કરવી પડે છે. અંતે અમારૂ વિમાન મુખ્ય રનવે ઉપર મારૂ અને ઘુઘવાટા કરતું દોડયું અને જોતજોતાંમાં આકાશમાં ચડી રચ્યું અત્યારે પૂરા વિમાં બોઈંગ અને એરબસનાં વિમાનોની ધૂમ મચી છે. આ બે કંપનીઓ એટલાં સારાં અને મજબૂત વિમાનો મારે છે કે લગભગ બધે જ તેમનાં વિમાનો ઊડે છે. ચીન અને રશિયા જેવા દેશો પણ આ કંપનીઓનાં વિમાનો ખરીદે છે. તમારી વૈજ્ઞાનિક અગ્રતા તમને વિની પ્રથમ હરોળમાં મૂકે છે. અને વૈજ્ઞાનિક અગ્રતા સતત પ્રયોગશાળામાંથી આવતી હોય છે. આપણે ત્યાં ઘણા ત્રિકાળજ્ઞાની, સર્વજ્ઞ અને કેવલી જેવા પુઢષો થયા એવું જેતે સંપ્રદાયના લોકો માનતા હોય છે, પણ તેમણે નાનીસરખી સોય પણ બનાવી હોય તેવું જાણ્યું નથી. જે જ્ઞાન ઉપયોગી ન હોય, માત્ર શ્રદ્ધાની અવધારણા જ હોય તે નશો તો ચઢાવે છે, પણ પ્રશ્નો ઉકેલતું નથી.





પ્રકાશક : ગુર્જર પ્રકાશન

પૂજારીથી માંડીને ઓફિસના સાહેબ સુધી જયાં જુઓ ત્યાં લાલચ જ લાલચ બેઠી છે! શું આવો આપણો દેશ બની ગયો છે ? ગ્લાનિ થાય છે. અંતે અમે ૫૧ નંબરની ગેટ ઉપર પહોંચી ગયા. જગડુશાને મેં કહ્યું કે આ ભાઈને ૨૦૦ રૂપિયા આપી દો. જગડુશાએ તરત જ આપી દીધા. તો પણ પેલા ભાઈનો ચહેરો પૂરેપૂરો પ્રસન્ન થયેલો ન દેખાયો. કદાચ તેની અપેક્ષા વધુ મોટી હોય. જે હોય તે, પણ અમે મુંબઈથી કોચીન જનારા વિમાનની પ્રતીક્ષામાં ખુરશીઓ ઉપર ગોઠવાઈ ગયાં. આવો અનુભવ મને પશ્ચિમના પ્રવાસમાં કયાંય થયો ન હતો, તેથી જાણતાં–અજાણતાં પણ તુલના થઈ જવી સ્વાભાવિક છે.

અમે બધાં કોચીનના વિમાનની પ્રતીક્ષા કરતાં એરપોર્ટ ઉપર બેઠાં છીએ. આપણું આવું સરસ, સુંદર અને ભવ્ય એરપોર્ટ જોઈને છાતી ગદગદ થાય છે અને ગૌરવ વધે છે. ગૌરવનાં કારણો હોય તો જ સાચું ગૌરવ–સુખ મળી શકે. કારણો વિનાનું ગૌરવ એ માત્ર વાચાળતા જ કહેવાય. વાતવાતમાં 'હમ મહાન' કહેવાથી મહાન થવાય નહીં, પણ તેનાં કારણો હોય તો જ મહાન થવાય. અંતે અમારી વિદાયની ઘડી આવી ગઈ. પાછળના નંબરોથી ગેટમાં બોલાવવાનું શરૂ થયું. અમે સૌથી આગળના નંબરમાં હતા. એટલે અમારે સૌથી પાછળ જવાનું હતું. પશ્ચિમમાં મેં જોયું છે કે સૌથી પહેલાં વિકલાંગો, વૃદ્ધો અને બાળકોવાળી સ્ત્રીઓને વિમાનમાં બેસવાનો ચાન્સ અપાતો હોય છે, પણ હજી આપણે ત્યાં આ રીત પ્રચલિત થઈ લાગતી નથી. સેથી

## સરદાર પટેલ

**જન્મ : – ૩૧ ઓકટોબર, ૧૮૭૫, મહાપ્રયાણ : ૧૫ ડિસેમ્બર, ૧૯૫૦**







ભારતીય સ્વાધીનતા અને અખંડતાના સ્વપ્રશિલ્પી લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મભૂમિ એટલે ગુજરાત. ૩૧ ઓકટોબર, ૧૮૭૫ના રોજ નડિયાદ ખાતે તેમનો જન્મ થયો હતો. બારડોલીના ખેડૂતોની બ્રિટિશ હકૂમત સામેની ન્યાયી લડતના સફળ સુકાની વલ્લભભાઈને 'સરદાર'નું બિરૂદ બારડોલી સત્યાગ્રહને કારણે જ ગાંધીજીએ આપેલું. એ જ રીતે ૧૯૩૦ની ઐતિહાસિક દાંડીકૂચ વેળાએ મહાત્મા ગાંધીજીની એ સ્વરાજયાત્રાના કુશળ વ્યૂહરચનાકાર પણ વલ્લભભાઈ જ હતાં. ૧૯૩૫માં પ્રાંતિક સ્વરાજ આવ્યું. તે વખતે અનેક પ્રાતોમાં મર્યાદિત સત્તાઓ વાળી કોંગ્રેસના આગેવાનોની બનેલી સરકારો રચાઈ. સરદાર સાહેબે એ વેળાએ એ સરકારોમાં જનસેવા, સાધનશુદ્વિધ કર્તવ્યનિષ્ઠા અને વહીવટી કુશળતાનો આગ્રહ રાખેલો. સરદાર સાહેબ કારાવાસ દરમ્યાન પણ ગાંધીજીના સચિંત–જાગ્રત રખેવાળા રહ્યા. ગાંધીજીએ નોંધ્યું છે કે, 'જેલવાસ દરમિયાન સરદામા મેં માની મમતાની અનુભુતિ કરી છે ! મને જો સરદાર ન મળ્યા હોત તો, મારાં જે કાર્યો સફળ થયાં, તેમ થઈ શકયું ન હોત.' બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ઘરઆંગણે 'હિંદ–છોડો' આંદોલન પણ થયું. તેને પગલે ૧૯૪૭માં આઝાદી પણ આવી મળી. સ્વતંત્ર ભારતની પ્રથમ રાષ્ટ્રીય સરકારમાં સરદાર દેશના ગૃહમંત્રી અને નાયબ વડાપ્રધાન બન્યા. આ ત્રણ વર્ષ દરમિયાન દેશજનતાએ સરદાર સાહેબના રૂપમાં અત્યંત સક્ષમ પ્રશાસક, મૃત્સદી અને રાષ્ટ્રહિતૈષી રાજપુરૂષના રૂપમાં સરદારને નિહાળ્યા. અંગ્રેજો માત્ર દેશના ભાગલા જ કરતા નહોતા ગયા એ વખતના સેંકડો દેશી રજવાડાંઓની સમસ્યાઓ પણ વારસામાં મૂકતા ગયેલા. સરદારએ તમામ દેશની રાજયોના રાજવીઓની દેશભકિતને સહ્રદયી અપીલ કરીને, શેષ ભારતની રાજકીય એકતા અને પ્રાદેશિક અખંડતા સિદ્ધ કરી બતાવી. એ સરદાર સાહેબ હતા, જેમણે કાશમીરથી કન્યાકુમારી સુધીના અતિવિશાળ વિવિધતાપૂર્ણ આ દેશની રાજકીય એકતા સિદ્ધ કરી આપી. સરદારના આ રાષ્ટ્રીય એકતા–અખંડતાના ધ્યેયમાર્ગમાં હૈદ્રબાદ અને જૂનાગઢના મુસ્લિમ રાજવીઓ જેવા કંટકો પણ હતા. પરંતુ એ કટંકોને બાજુએ હટાવીને રાષ્ટ્રીય એકતા–અખંડતાનો રાજમાર્ગ કંડારવામાં સરદારસાહેબે અર્વાચિન ચાણકયની ભૂમિકા ભજવી છે ! જમ્મુ કાશમીર રાજય ઉપર પાકિસ્તાની આક્રમણ અને તેને પગલે ત્યાંના રાજવીએ તેનું સ્વૈચ્છિક વિલીનીકરણ ભારતીય સંઘમાં કર્યુ. તેમાં પણ સરદારની સિંહા ભૂમિકા રહેલી છે. જો કે, કવેળાનો યુદ્ધવિરામ અને કાશ્મીર મુદાને યુનોમાં લઈ જવાથી બાજી બગડી હતી. આ સરદાર પટેલ ભારતીય સ્વાતંત્ર્ય–સંગ્રામના અનોખા સુકાની હતા. ૧૫ ડિસેમ્બર, ૧૯૫૦ના રોજ મુંબઈ ખાતે તેમનું અવસાન થયું.

**કલ્પના ભી આજ ઉસકી હૈ ભલા સંભવ નહીં, યાતનાં યમ-યાતના સે બઢ શહીદોને સહી**

## છોટી સી આશા... વંદન છે આ સન્નારીઓને

૧૯૦૫ : સુઝેન આરડી ટાટા કાર ચલાવનારા પ્રથમ ભારતીય મહિલા બન્યા.
૧૯૧૭ : એન્ની બેસન્ટ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રથમ મહિલા અધ્યક્ષ બન્યા.
૧૯૧૯ : અજોડ સમાજ સેવાના માટે, પંડિત રમાબાઈ બ્રિટિશ રાજમાં કૈસર–એ–હિન્દનું સન્માન મેળવનારા પ્રથમ ભારતીય મહિલા બન્યા.
૧૯૨૫ : સરોજિની નાયડુ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ભારતમાં જન્મેલા પ્રથમ મહિલા અધ્યક્ષ બન્યા.
૧૯૪૪ : અસિમા ચેટરજી ભારતના વિશ્વ વિદ્યાલયમાંથી ડોકટરેટ ઓફ સાઈન્સની પદવી હાંસલ કરનારા પ્રથમ મહિલા બન્યા.
૧૯૪૭ : ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના આઝાદી પછી, સરોજિની નાયડુ સંયુકત પ્રાંતોના રાજયપાલ બન્યા અને આ પ્રક્રિયામાં ભારતના પ્રથમ મહિલા રાજયપાલ પણ બન્યાં.
૧૯૫૩ : વિજયાલક્ષ્મી પંડિત સંયુકત રાષ્ટ્ર મહાસભાની પ્રથમ મહિલા અધ્યક્ષ અને પ્રથમ ભારતીય બન્યા.
૧૯૫૯ : અન્ના ચંદડી ભારતમાં ઉચ્ચ ન્યાયાલય (કેરળ હાઈકોર્ટ)ના પ્રથમ મહિલા ન્યાયધીશ બન્યા.
૧૯૬૩ : સૂચેતા ક્રિપલાની ઉત્તર પ્રદેશના મુખ્યપ્રધાન બન્યાં, ભારતના કોઈપણ રાજયમાં આ પદ ધારણ કરનાર પ્રથમ મહિલા બન્યાં.




૧૯૬૬ : કેપ્ટન દુર્ગા બેનરજી દેશની વિમાન સેવા ઈન્ડિયન એરલાઈન્સના પ્રથમ ભારતીય મહિલા પાઈલટ બન્યાં.
૧૯૬૬ : કમલાદેવી ચટોપાધ્યાય સામુદાયિક નેતૃત્વ માટે રોમન મેગ્સેસ એવોર્ડ જીત્યા
૧૯૬૬ : ઈન્દિરા ગાંધી ભારતના પ્રથમ મહિલા વડાપ્રધાન બન્યા.
૧૯૭૦ : કમલજીત સંધૂ એશિયન રમતોત્સવમાં સુવર્ણ પદક મેળવનાર પ્રથમ ભારતીય મહિલા બન્યા.
૧૯૭૨ : કિરણબેદી ભારતીય પોલીસ સેવામાં જોડાનાર પ્રથમ મહિલા બન્યા.
૧૯૭૯ : મધર ટેરેસાએ નોબલ શાંતિ પુરસ્કાર જીત્યો, આમ કરનાર તેઓ ભારતના પ્રથમ મહિલા નાગરિક બન્યા.
૧૯૮૪ : ૨૩ મેના દિવસે, બચેન્દ્રી પાલ માઉન્ટ એવરેસ્ટ ચડનારા પ્રથમ ભારતીય મહિલા બન્યા.
૧૯૮૯ : જસ્ટિસ એમ. ફાતિમા બીવી ભારતની સર્વોચ્ચ અદાલતના પ્રથમ મહિલા ન્યાયધીશ બન્યા.
૧૯૯૭ : કલ્પના ચાવલા અવકાશમાં જનાર ભારતમાં જન્મેલ પ્રથમ મહિલા બન્યા.
૧૯૯૨ : પ્રિયા જીંગન ભારતની સેનામાં જોડાનાર પ્રથમ મહિલા બન્યા.
૧૯૯૪ : હરિતા કૌર દેઓલ ભારતીય વાયુદળના પ્રથમ મહિલા પાઈલટ બન્યા, જેને એકલાં ઉડાણ ભરી હતી.
૨૦૦૦ : કર્ણામ મલ્લેશ્વરી ઓલ્પિકમાં પદક મેળવનાર પ્રથમ ભારતીય મહિલા બન્યા (૨૦૦૦માં સીડનીમાં ઉનાળુ ઓલમ્પિક વખતે કાંસ્યપદક મેળવ્યો હતો.)
૨૦૦૭ : પ્રતિભા પાટિલ ભારતના પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ બન્યા.

# ચકીબહેનની ખીચડી

**લેખક પરિચય**
**નામ : હસમુખ બોરાણિયા**
**જન્મતારીખ : ૧૮.૦૫.૧૯૫૯**
**વતનઃ બાબાપુર, હાલઃ અમરેલી.**
**વ્યવસાયઃ નિવૃત્ત પ્રિન્સિપાલ, (પ્રાથમિક શાળા)**

કબુકબુ, આજા, આજા ! — હસમુખ બોરાણિયા

એક દિવસ હોલાને ત્યાં પંખીઓ ભેગાં થયાં હતાં. કારણ હોલાનો જન્મદિવસ હતો. ત્યાં જમવામાં ભાજીપાંઉ હતાં. પંખીઓને જમવાની મજા પડી. પછી વાતો ચાલતી હતી. ખાસ તો જમવાની વાત હતી. ચકી કહે, ‘‘ચોખાનો દાણોને મગનો દાણો ભેગા કરીને થાકયાં. હવે ખીચડી ખાઈને થાકી ગયાં છીએ... રોજ–રોજ કંઈક નવું ખાવાનું રાખવું જોઈએ.’’ચકો કહે, ‘‘સાચી વાત, ખીચડી ખાઈને કંટાળી ગયાં, નવું–નવું ખાવાનું રાખવું જોઈએ.’’ કાગડો કહે, ‘‘એઠવાડ ખાઈને કંટાળી ગયો છું. એક વાર પૂરી મળી હતી. તે પણ પેલું શિયાળ છેતરીને લઈ ગયું હતું. બધા મને ચતુર કાગડો, લુચ્ચો કાગડો કહે છે. એમાં હું છેતરાયો, ફૂલણશી ગણાયોને મૂરખ ઠર્યો તે નફામાં !’’કબૂતર કહે, ‘‘મને તો જુવાર ભાવે, કયારેક મગ પણ ખાઈએ બાકી... મ...’’ એ બોલતું હતું ત્યાં કાગડો કહે, ‘‘તને પાછાં ભોળાં ખરાં ને !’’કાબર બોલી, ‘‘રોજ રોજ એકનું એક, ખાઈ ખાઈને હુંય કંટાળી છું. કંઈક નવું ખાવું છે. કાગડાભાઈ, તમે મને ખોટા વાયદા આપીને કામ કરાવ્યે રાખ્યું હતું, યાદ છે ?’’ ચકીબહેન કહે, ‘‘એ જૂની વાતો છોડો, નવા જમાનાનીને નવું–નવું જમવાની વાત કરો. અહીં જન્મદિવસની ઉજવણી કરવા ભેગાં થયાં છીએ.કાબર કહે, ‘‘પિત્ઝા ખાધાં છે ? ટેસ્ટી વાનગી છે, હોં !’’ કાગડો કહે, ‘‘રગડાપૂરીમાં મજા આવે.’’ કબૂતર બોલ્યું, ‘‘આમ તો મેં એવું કશું ખાધું નથી. પાણીપૂરીને દહીંપૂરી બધાંને ખાતાં જોયાં છે. કાગડો બોલ્યો, ‘‘તારે કશું ખાવું નહીં ને શું ?’’ચકીબહેન કહે, ‘‘આજે તો ભાજીપાંઉ ખાધાં. એમ કરો, આવતી કાલે નુડલ્સ ખાઈશું.’’ચકો કહે, ‘‘અરે, મજા પડશે.’’બીજા દિવસે બધાં ગયાં રેસ્ટોરન્ટમાં, ત્યાં નુડલ્સનો ઓર્ડર આપ્યો.




કબૂતર કહે, ‘‘મારી નુડલ્સ ના મંગાવશો. મને નહીં ફાવે, હું ઠંડું પીણું લઈશ.’’કાગડાએ એની સામે નારાજ થઈને જોયું. ત્યાં વેઈટર નુડલ્સ લઈને આવ્યો. સૌ ખાવા લાગ્યાં. ચટાકો કર્યો. બધાંએ આનંદ કરતાં કરતાં ખાધું.કાગડો કહે, ‘‘નુડલ્સ ખાવાની મજા–મજા !’’ કાબર બોલી, ‘‘વાહ, ચકીબહેન ! તમારી પસંદગી ! કહેવું પડે હોં ! જલસો પડી ગયો !’’વેઈટર બિલ આપી ગયો.ચકાએ બિલ ચૂકવી દીધું. વળી એક દિવસ બધાએ બર્ગર ખાધું.આમ, કયારેક રગડાપૂરી, દહીંપૂરી તો વળી બર્ગર, પિત્ઝા ! ચટાકેદાર વાનગી ખાવાની મજા, મજા !આવું બધું ખાઈ–ખાઈને ચકીબહેન પડયાં બીમાર !ચકો ચકીને ડોકટર પાસે લઈ ગયો. ડોકટર કહે, ‘‘શું થયું ચકીબહેન ?’’ ચકી બોલી, ‘‘પેટમાં દુખે છે.’’‘‘બહારનું કંઈ ખાધું હતું ?’’ ડોકટર બોલ્યા.ચકો કહે, ‘‘હા, નુડલ્સ, પાણીપૂરી, પિત્ઝા, બર્ગર, ખાવામાં કંઈ બાકી રાખ્યું નથી.ડોકટર કહે, ‘‘તો પછી પેટમાં જ દુખેને ? હવે, બહારનું ખાવાનું બંધ, દવા નિયમિત લેવાની, પાણી ઉકાળીને પીવાનું.બધાં પંખીઓને ખબર પડી. સાથે મળી ખબર પૂછવા આવ્યાં. ચકીબહેન કહે, ‘‘ડોકટરે દવા આપી છે. દવા નિયમિત લેવાની, લીંબુ શરબત પીવાનું, બહારનું કશું ખાવાનું નહીં ને ખીચડી ખાવાનું કીધું !’’

# સોનાની ઈંટ કૂવામાં

વિવેકનો આશ્રય — સચિત્ર બાળવાર્તાઓ


એક માણસ ગુરૂનો નવો શિષ્ય બન્યો હતો. એક દિવસ તેણે કહ્યું કે ગુરૂદેવ ! ઉપાસનામાં મન નથી લાગતું. મન ભગવાનમાં એકાગ્ર થતું જ નથી. ગુરૂએ ગંભીરતાથી શિષ્ય તરફ જોયું. તેમને કોઈક વાત સમજાઈ ગઈ અને તેનો બોલ્યા કે સાચું કહે છે, વત્સ ! અહીં તારૂ ધ્યાન લાગે પણ નહિ. બીજે કયાંય જઈને સાધના કરીશું. ત્યાં તારૂ ધ્યાન અવશ્ય લાગશે. આજે સાંજે જ અહીંથી આપણે નીકળી જઈશું.શિષ્યે ચિંતિત થઈને પૂછયું કે સાંજે ? ગુરૂએ તેનો કોઈ જવાબ ના આપ્યો. સૂર્યાસ્ત થતાની સાથે જ તેઓ એક દિશામાં નીકળી પડયા. ગુરૂના હાથમાં કમંડળ હતુંઅને શિષ્યના હાથમાં એક ઝોળી હતી. તે તેની ખૂબ સંભાળ રાખીને ચાલતો હતો. રસ્તે એક કૂવો આવ્યો. શિષ્યને શૌચ જવું હતું. આથી બંને થોભ્યા. તેણે ખૂબ સાચવીને તેની ઝોળી ગુરૂ પાસે મુકી અને શૌચ માટે જવા લાગ્યો. જતાં જતાં તેણે બેચાર વાર ઝોળી તરફ નજર કરી. થોડીકવારમાં



શિષ્યને ‘ધડામ્’ જેવો અવાજ સંભળાયો. તેની ઝોળીમાંની એ વસ્તુ કૂવામાં ડૂબી ગઈ. શિષ્ય દોડતો પાછો આવ્યો અને ચિંતિત થઈને બોલ્યો, ‘‘ભગવન્ ! મારી ઝોળીમાં સોનાની પાટ હતી તે કયાં ગઈ ?’’ ગુરૂએ કહ્યું કે કૂવામાં. હવે તું કહેતો હોય તો આગળ જઈએ અથવા તો પાછા જઈએ. હવે દરેક જગ્યાએ તારૂ ધ્યાન લાગશે.શિષ્યે કહ્યું કે સાચી વાત છે, ગુરૂદેવ. મનથી આસકિતનો ત્યાગ કર્યા વગર કદાપિ ઈશ્વરમાં મન લાગી શકતું નથી.

# ધોબીનો કૂતરો નહિ ઘરનો નહિ ઘાટનો


**અર્થ :** નહિ ઘરના કે નહિ ઘાટના ઝાઝા ઘરના પરોણાની ત્રિશંકુ જેવી દશા થવી. બેઉ પક્ષને પ્રસન્ન રાખવા મથનાર નિષ્ફળ જાય અને બધી બાજુથી નુકસાન વેઠયા પછી પણ તેને શાંતિ મળે નહિ.**વાર્તા :**એક ધોબી પાસે કૂતરો હતો. તે ધોબીને ઘણો વફાદાર હતો. તે વહેલી સવારથી ધોબીની સાથે જઈ આખો દિવસ નદીના ઘાટ પર કપડાંની રખેવાળી કરતો અને રાત્રે ધોબીના ઘરની ચોકી કરતો. બપોરની વેળાએ ધોબીનો દીકરો તેના પિતા માટે ખાવાનું લઈને આવતો. ધોબી પેટ ભરીને જમતો અને કૂતરો ઘેરથી ખાઈને આવ્યો છે એમ માની કૂતરા માટે કશું બાકી છોડતો નહીં. વધ્યું–ઘટયું ખાવાની કૂતરાની આશા નિષ્ફળ જતી. સાંજે ધોબી સાથે પાછા ફરેલા કૂતરાને નદી ઘાટે તથા રસ્તામાં આવતાં કૈં ને કૈં ખાવા મળ્યું હશે. એમ માની ધોબણ કશું આપતી નહીં. ભૂખનો માર્યો કૂતરો બિચારો દિવસે દિવસે સુકાવા લાગ્યો.એક દિવસ ધોબીએ ધોબણને પૂછયું, ‘‘તું મોતીને સવારે ખાવાનું આપે છે કે નહીં?’’ ધોબણે કહ્યું, ‘‘કેમ તમે તેને ઘાટ પર રોટલો નથી ખવડાવતા?’’ ધોબીએ કહ્યું, ‘‘તું ઘાટ પર ત્રણ રોટલા મોકલે છે એ તો હું ખાઈ જાઉં છું. મોતીને શું ખવડાવું? ધોબણે ગુસ્સે થઈ કહ્યું, ‘‘હું સવારે સવારે મોતી માટે રોટલા ઘડવા નવરી નથી.’’ બંને વચ્ચે ઝઘડો થયો. ધોબીએ ગુસ્સે થઈ કહ્યું, ‘‘હું આ ઝઘડાના મૂળને ખતમ કરી દઉં છું.’’ એમ કહી તેણે દંડો લઈ કૂતરાને ફળિયા બહાર હાંકી કાઢયો.ધોબીનો પાડોશી આ તમાશો જોઈ રહ્યો હતો. તેણે ધોબીને હસતાં હસતાં કહ્યું, ‘‘અરેરે ! બિચારો ધોબીનો કૂતરો ના ઘરનો રહ્યો, ના ઘાટનો.’’



# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



## પૂ. ડોંગરેજી મહારાજની અમૃતવાણી — જ્ઞાન ઝરણા



### શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય

૧. ઈચ્છાઓનો અંત આવતો નથી.
૨. પરમાત્મા મોટી ભૂલની પણ ક્ષમા આપે છે.
૩. પરમાર્થ સરળ છે, વ્યવહાર કઠીન છે. વ્યવહાર વખતે ભગવાનને ભૂલશો નહીં.
૪. તપશ્ર્યા વગર જીવનમાં સુવાસ આવતી નથી.
૫. મનુષ્યને સુખદુઃખ આપનાર તેનું કર્મ છે.
૬. જીવને જે અવતાર મળે છે તે પોતાના કર્મથી.
૭. કરેલા કર્મનું ફળ ભોગવવું પડે છે.
૮. જીવનમાં કંઈક નિયમ રાખો. જેના જીવનમાં નિયમ નથી તે પશુ કરતાં પણ અધમ છે.
૯. આ જગતની બહુ વાતો સાંભળવામાં સાર નથી. ઊલટું ભકિતમાં વિક્ષેપ થાય છે.
૧૦. સર્વ રીતે અતિ શોચનીય તો તે કે જે સમય અને સંપત્તિનો દુરૂપયોગ કરે છે, જે બીજાઓનું અનિષ્ટ કરે છે અને જે હરિની ભકિત કરતો નથી.

# જ્ઞાનમંજરી

**ભારતનાં મહત્વનાં સ્થળો**

(૧) ઓપરેશન ફલડ શું છે ? – દૂધ ઉત્પાદનમાં વૃદ્ધિ
(૨) ભારતનું કયું શહેર ગુલાબી નગરી તરીકે ઓળખાય છે ? – જયપુર
(૩) શ્રી હરિકોટા શેના માટે પ્રખ્યાત છે ? – ઉપગ્રહ છોડાવા માટે
(૪) જવાહર ટનલ કયા રાજયમાં આવેલું છે ? – જમ્મુ કાશ્મીર
(૫) તમે હવા મહેલની સામે ઉભા છો તે તમે કયા શહેરમાં છો ? – જયપુર
(૬) લદાખનું મુખ્ય મથક લેહ કઈ નદીના કિનારે આવેલું છે ? – સિંધુ
(૭) ઊનના વસ્ત્રોનો ઉદ્યોગ જયાં વિકસ્યો છે તે ધારીવાલ કયા રાજયમાં છે ? – પંજાબ
(૮) થોરિયમનું સૌથી વધુ ઉત્પાદન કયા રાજયમાં થાય છે ? – કેરળ
(૯) કયા હૈદ્રાબાઈ અને સિકંદરાબાદ વચ્ચે કયં સરોવર આવેલું છે ? – હુસેન સાગર
(૧૦) પાલઘાટ કઈ પર્વત શ્રેણીમાં આવેલ છે ? – નીલગિરી

# ઝળહળ ઝાકળ

**લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા**

## એક મુઠી અંધારૂં !

સુખનો સૂર્ય પ્રકાશતો હોય જેના માથે, તેના ‘સગા’ થવા ઘણાં આવે, પણ મુશ્કેલી – વિપત્તિના અંધકારમાં જ જે પડખે ઊભા રહે, તે જ સાચા સ્વજનો ! અંધારામાં પોતાનો પડછાયો પણ સાથ ન દે, ત્યારે વાંસો થાબડીને હિંમત આપનારા જ આ પૃથ્વીના ગોળા ઉપર માત્ર આપણા ! – બાકીના ધુમ્મસિયા આકારો – આશરે સાડા છ અબજ !?!

## વિચાર - માળાનાં મોતી

સારી ટેવોને ખીલવતા રહેજો – કુટેવો તો બધી જંગલી ઘાસની જેમ ઊગ્યા જ કરે છે.

એક મોટી તક આવી પહોંચે તેની રાહ જોઈને બેસી રહેવાને બદલે, નાની નાની તકોને ઝડપી લેવાથી આપણે મુકામ ઝટ પહોંચીએ છીએ.


બીજાઓ પર અસર પાડવા માટે જાતે દાખલો બેસાડવો એ મુખ્ય વસ્તુ નથી. એ જ એકમાત્ર વસ્તુ છે.

સમસ્ત વિશ્વને ચાહવું તેમાં કોઈ મોટી વાત નથી. સવાલ તો પડોશમાં જ રહેતા પેલા અભાગિયાનો છે.

## પ્રયોગ – ૨૬
## દળ શોધો

**હેતુ :** આપેલા ઘણ પદાર્થનું દળ શોધવું.
**સાધન :** ત્રાજવું વજનિયાં
પદાર્થો : ઘઉં
**રીત :** સૌ પ્રથમ એક ત્રાજવું લો. ત્રાજવાના એક પલ્લામાં ઘઉં મૂકો. ત્રાજવાના બીજા પલ્લામાં પદાર્થના અંદાજિત દળ જેટલું વજનિયું મૂકો.
જો વજનિયું મુકેલું પલ્લું નીચે તરફ નમે તો, મૂકેલાં વજનિયાંને બહાર કાઢી તેનાં કરતાં નાના માપનું વજનિયું મૂકો.
જો ઘઉં મુકેલું પલ્લું નીચે તરફ નમે તો, મૂકેલાં વજનિયાંને બહાર કાઢી તેનાં કરતાં મોટા માપનું વજનિયું મૂકો. આ રીતે બન્ને પલ્લાં સંતુલિત સ્થિતિમાં આવે ત્યાં સુધી વજનિયાં બદલવાની ક્રિયા ચાલુ રાખો.
તારણ : એક સ્થિતિ એવી આવશે કે બંને પલ્લા સંતુલિત થઈ જશે.
બન્ને પલ્લાં સંતુલિત થાય ત્યારે બન્ને પલ્લામાં રહેલું દળ સમાન થાય છે.
પલ્લામાં આપવામાં આવેલાં વજનિયાનું માપ એ ઘઉંનું દળ થશે.જાતે કરો. : નીચેના પદાર્થો લઈ તેનું દળ શોધો. થાળી, વાટકો, રકમડું, કંપાસ બોકસ, પાઠય પુસ્તકો, સ્કૂલ બેગ, પગરખા,બેલ્ટ વગેરે....

પ્રયોગની પાંખે — વિજ્ઞાન નગરી — પ્રકાશકઃ શ્રી બળવંત પારેખ



# મધદરિયાનો મહેમાન

સુજલની સાહસકથા — નલિન મહેતા — પ્રકાશક : ભદ્રા મહેતા

આશ્ચર્યચકિત બની હું તેને છલાંગ લગાવતો જોઈ રહ્યો. શરૂઆતથી મને આ માણસનું વર્તન વિચિત્ર તો લાગેલું જ.પહેલી વાર તેને દરિયામાં જયાં માથું બહાર કાઢતાં જોયેલો ત્યાંથી હોડીની પાછલા ભાગ સુધીનું અંતર મારી નજરે પડયા વિના તેણે કઈ રીતે કાપ્યું ? સામાન્ય વ્યકિત માટે એટલો સમય જળસપાટીની નીચે ગાળવો અસંભવ ગણાય.વળી હોડીની પાછળથી એ બહાર નીકળ્યો ત્યારે જરા પણ હાંફતો નહોતો. તો શું સુજલ ાસને નિયંત્રણમાં રાખી શકે એવી યોગવિદ્યામાં પારંગત હશે ? પરંતુ લાંબા સમય સુધી એ બહાર આવ્યો નહિ ત્યારે મને ચિંતા થવા લાગી, મેં તેની મદદે જવાનો વિચાર કયો અને ખડક પરથી ઉતરી હોડીના પાછલા ભાગમાં પહોંચ્યો. પણ ત્યાં પાણીમાં ઝંપલાવું તે અગાઉ સુજલે સપાટીની બહાર ડોકું કાઢયું. કોઈ મોટર મિકેનિક વાહન તળેથી નીકળી ખાત્રીનું કારણ જણાવે તેવા સ્વાભાવિક સ્વરે સુજલે કહ્યું : ‘‘હોડીનો વચલો ભાગ ખડકની બે તિરાડો વચ્ચે ફસાઈ ગયો છે.’’અને પછી નિદાન રજૂ કર્યા બાદ તેણે ઉપાય પણ સૂચવ્યો : ‘‘આપણે હોડીને પાછળ ધકેલવી પડશે. મને તમારૂ એક હલેસું આપો એટલે તેને વારાફરતી બંને બાજુથી છૂટી કરવાનો પ્રયત્ન કરી જોઉં, જો તમે પાણીમાં કોઈ પ્રકારનું હલનચલન જુઓ તો તરત જ ઉપરથી હોડીને ધકેલજો.મેં ચૂપચાપ મારા હાથમાંનું હલેસું પકડાવ્યું તે લઈ સુજલે ફરીવાર દરિયામાં ડૂબકી મારી. હું સ્વપ્નામાં ચાલતો હોઉં તેમ હોટની પાટલીઓ ઓળંગતો આગળના ભાગમાં આવેલ ટેકરી ઉપર પાછો ફર્યો.કયાંય સુધી હું હોડી પર હાથ ટેકવી પ્રતીક્ષા કરતો ઊભો રહ્યો.એકાએક હોડી હચમચી ઊઠી. શકય તેટલું બળ વાપરી – ધક્કો માર્યો, અને તે સાથે જ હોડી મારા હાથમાંથી છટકી આભડાટ ટેકરી પરથી લસરી નીચે પાણીમાં અદશ્ય થઈ ગઈ. એક લથડીયું ખાઈ હું નીચે પટકાયો.

# લોકો મારી પાછળ ગાંડા થશે, પણ –

મારા ગાંધીબાપુ — ઉમાશંકર જોશી — સંપા. મહેન્દ્ર મેઘાણી

આફ્રિકાથી તાજા જ પાછા આવેલ કર્મવીર મોહનદાસ ગાંધીનું મુંબઈમાં મારવાડી વિદ્યાલયમાં વ્યાખ્યાન ગોઠવવામાં આવ્યું હતું. પાંચ વાગ્યે ભાષણ હતું. ગાંધી કોલાબા ઊતરેલા ત્યાંથી ચાલતા ચાલતા બરોબર પાંચને ટકોરે સભાસ્થાને હાજર થઈ ગયા.

ભાષણ પુરૂ થયા પછી એ વખતના એક તેજસ્વી યુવક આગેવાન ઈન્દુલાલ યાજ્ઞિક ઘોડાગાડીમાં એમને મૂકવા માજ્ઞે ગયા. રસ્તે : ગાંધીસાહેબ, તમે દેશની નેતાગીરી લો. લોકો તમારી પાછળ ગાંડા થશે.

ગાંધીજીએ ધીરપણે જવાબ આપ્યો : હું જાણું છું, લોકો મારી પાછળ ગાંડા થશે. પણ ભગવાનને મારી એ પ્રાર્થના છે કે જયારે દેશના હિત માટે લોકોને કંઈ અપ્રિય કહેવાની જરૂર ઊભી થાય ત્યારે એ મને તે કહેવાની શકિત આપે.

જીવનના છેલ્લા મહિનાઓમાં બાપુએ લોકોને અણગમતી વાતો કહેવાનો જે ધર્મ બજાવ્યો તેને માટેની એમની તૈયારી તો દસકાઓ પહેલાંથી ચાલતી હતી.

# લોહીવિકાર

સૌનું આરોગ્ય — :: લેખક :: વૈદ્ય પ્રદિપ આસ્તિક — ૮૦ દર્દો પરના સરળ તેમજ સચોટ ૨૯૦ પ્રયોગોનો સંગ્રહ



કારણ : વિરૂદ્ધ આહારના સેવનથી, અતિ ખારા, ખાટા, તીખા પદાર્થોનાં સેવનથી, પચવામાં ભારે પદાર્થો સેવનથી, કબજિયાતથી, લોહીવિકાર ઉત્પન્ન થાય છે.
૧. લીમડાનાં પાનનો રસ ત્રણ–ચાર ચમચી લઈ, તેમાં એક હળદર મેળવી, રોજ સવારે એક મહિનો ચાટવાથી લોહીવિકાર મટે છે.
૨. ભોંપાથરી વાટી, નિચોવી તેનો રસ આઠથી દસ ગ્રામ દરરોજ એક માસ સુધી પીવાથી લોહીવિકાર મટે છે.
૩. હીમેજ એક ભાગ, મજીઠ એક ભાગ, મીંઢીઆવળ એક ભાગ, અને સાકર ત્રણ ભાગ લઈ, બધાં ઔષધો એકી સાથે ખાંડી વસ્ત્રગાળ ચૂર્ણ કરી, રાત્રે સૂતી વખતે એક ચમચી આ ચૂર્ણ સહેજ નવશેકા પાણી સાથે લેવાથી લોહીવિકાર મટે છે.

**(૬૬) વધરાવળ**
કારણ : વૃષણની ગોળીની આસપાસ રસત્વચા છે, તેમાં પાણી કે લોહી ભરાવાથી, વૃષણ પર દાહયુકત સોજો આવવાથી, વધુ પડતું વજન ઊંચકવાથી, બળવાન વ્યકિત સાથે કુસ્તી કરવાથી, વધુ પડતુ ચાલવાથી તેમજ વાયુને કુપિત કરનારા આહાર–વિહારથી, અને મૂત્રના વેગને અટકાવવાથી વધરાવળ થાય છે.
૧. સૂંઠના ઉકાળામાં બે–ત્રણ ચમચી દિવેલ મેળવી પી જવું. અને ઘઉંનાં લોટને ગાડરના દૂધમાં બાફી તે ઠંડુ થયે વધરાવળ પર લેપ કરવાથી વધરાવળ મટે છે.
૨. કાંચકાના મીંજનું ચૂર્ણ રોજ સવારે તથા સાંજે અર્ધી–અર્ધી ચમચી લેવાથી વધરાવળ મટે છે.
૩. એળિયાને બકરીના દૂધમાં પકાવી, ઘટ્ટ થાય ત્યારે તેનો લેપકરવાથી દુઃખાવા સાથેની વધરાવળ મટે છે.
૪. હરડા, બહેડાં અને આંબળાનાં સમાન ભાગે બનાવેલા કવાથમાં એક તોલો તાજું ગોમૂત્ર મેળવી રોજ સવારે પીવાથી વધરાવળ અવશ્ય મટે છે.

**(૬૭) વાનાં દર્દો**
કારણ : રૂક્ષ અને લઘુ આહારથી, ઉજાગરાથી, રસ–રકતાદિ ધાતુનો ક્ષય થવાથી, વિરૂધ્ધ આહારથી, કબજિયાતથી, રકતવિકારથી, કુપિત થયેલ બળવાન વાયુ આખાયે શરીરે અથવા કોઈ એક અંગમાં અસહ્ય પીડા કરે છે.
૧. દસથી વીસ ગ્રામ એરંડિયું, સૂંઠના ઉકાળામાં કે સૂંઠવાળી ચામાં સૂતી વખતે લેવું. આ પ્રયોગ બે–ત્રણ માસ કરવાથી વાનાં દર્દો મટે છે.
૨. શેકેલી મેથીનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી આ ચૂર્ણ સવાર–સાંજ, ત્રણ–ત્રણ ગ્રામની માત્રામાં પાણી સાથે લેવાતી વાનાં દર્દો મટે છે.
૩. લઘુરાસ્નાદિ કવાથ : રાસ્ના, એરંડમૂળ, વજ, દેવદાર, સૂંઠ, ધમાસો,
હરડે, અતિવિષ, નાગરમોથ, શતાવરી અને અરડૂસી ગાંધીની દુકાનેથી સમાન ભાગે લાવી, બધાં એષધો એકસાથે આખાં–પાકાં ખાંડી નાખવાં. પછી કવાથવિધિ મુજબ વિધિવત કવાથ બનાવી રોજ સવારે નરણાં આ કવાથ પીવાથી વાના દરેક રોગો મટે છે.
૪ . લઘુરાજમૂંગાક : તુલસીના એક ચમચી જેટલા રસમાં સમાનભાગે ગાયનું ઘી અને મરીનું ચૂર્ણ મેળવી રોજ સવારે ચાટી જવાથી વાનાં દરેક દર્દો મટે છે. વાના દરેક રોગ માટેનો આ સર્વશ્રેષ્ઠ તેમજ સચોટ ઉપાય છે.


# આ મારું ચિત્ર છે





દાફડા જાનવી જયંતિભાઈ
(ધોરણ - ૭/એ,શ્રી રૂપાયતન પ્રા.શાળા)



સોંડાગર સુજલ અશોકભાઈ
(ધોરણ–૮, પી.એન.વોરા વિદ્યાનીકેતન(રૂપાયતન) અમરેલી)



આખજા પ્રિસા એ.
(ધો.૫, અંટાળિયા પ્રાથમિક શાળા)



પ્રિના ગૌરીબેન બઢિયા
(ધો.૫, કેરીયા નાગસ પ્રા.શાળા)

અમરેલી એક્સપ્રેસ
એજન્સી આપવાની છે...
અમરેલી જિલ્લાનાં લાઠી, દામનગર, ચિતલ, સા.કુંડલા રાજુલા, વીજપડી, ધારી, ચલાલા, વડિયા, માં 'અમરેલી એક્સપ્રેસ' દૈનિકની એજન્સી આપવાની છે, એજન્સી માટે ઈચ્છુક ઉમેદવારોએ રૂબરૂ સંપર્ક કરવો.
સંપર્ક
મનોજ રૂપારેલ – તંત્રી
મો.૯૮૨૫૦ ૦૭૪૪૩
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ – અમરેલી


## પાના ૧ ઉપરનું ચાલું યુવા નેતા કૌશિક વેકરિયા વિકાસ કાર્યો

અને સ્થાનિક ધારાસભ્ય વિશે તદન ખોટી વાતો લખી તેમની પ્રતિષ્ઠાને ઠેસ પહોંચે તથા કાર્યકર્તાઓનો મોરલ તોડવા તદન ખોટી વાત ઉપજાવી કાઢી, વ્હોટસએપના માધ્યમથી વાયરલ કરવાનો નિરર્થક પ્રયાસ ધ્યાને આવેલ છે.

વધુમાં જણાવેલ છે કે એક સમયે કોંગ્રેસના ગઢ ગણાતા અમરેલી જિલ્લામાં ૨૦૨૦માં કૌશિક વેકરીયા જિલ્લા ભાજપ પ્રમુખ બનીને સમગ્ર જિલ્લાનું ભાજપનું સંગઠન મજબૂત બનાવી, સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં અમરેલી જિલ્લાની તમામ નગરપાલિકાઓ, તમામ તાલુકા પંચાયતો અને અમરેલી જિલ્લા પંચાયતમાં ભારતીય જનતા પાર્ટીનો ભવ્ય વિજય ધ્વજ લહેરાવેલ. ત્યારબાદ ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણીમાં તત્કાલિન વિરોધ પક્ષના નેતાને પોતાની કાર્યક્ષેલી અને લોકચાહનાથી ૪૬ હજારથી વધુ મતોથી ચૂંટણી હરાવી ધારાસભ્ય તરીકે ચૂંટાયા અને આજદિન સુધી બે વર્ષથી ઓછા સમયગાળામાં સમગ્ર અમરેલી પંથકમાં જન કલ્યાણકારી કામો કરી અન્ય લોકચાહના મેળવી તેમજ ન ભૂતો ન ભવિષ્યતિ એવા હજારો કરોડના વિકાસ કામો સરકારમાંથી મંજૂર કરાવ્યા છે.

વધુમાં જણાવેલ છે કે આવા એક યુવા, લોકપ્રિય, શિક્ષિત, કર્મઠ અને વિકાસનું વિઝન ધરાવતા ધારાસભ્ય જે અમરેલી વિધાનસભા માટે ઉજળી આવતીકાલ સમાન છે તથા અમરેલીના લોકોની સુખાકારી વધારવા માટે સરપંચોથી લઈ સચિવો સુધી તથા ખેડૂતોથી લઈ મંત્રીઓ સુધી લોકહિતના પ્રશ્નો તેમજ ભારતીય જનતા પાર્ટીના હજારો કાર્યકર્તાઓ માટે જેમના ફોન ૨૪ કલાક રણકતો રહે છે એવા એક જાહેર જીવનની સૌજન્યના સાથે લોકોની સેવાને પોતાના રાજકીય કારકિર્દીનું કેન્દ્રબિદું બનાવીને કામ કરી રહેલા આવા પરોપકારી રાજકીય આગેવાનને બદનામ કરવાનો પ્રયાસ તથા ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓનો મોરલ તોડવા માટે અમુક રાજકીય વિરોધીઓ તથા કોંગ્રેસના આગેવાનો સાથે મળીને આ પ્રકારનું હિન્ન કૃત્ય કરવામાં આવ્યા હોવાનુ મારૂ માનવુ છે.

વધુમાં, અમરેલી પંથકના તમામ ધારાસભ્યઓ, સાંસદ, જિલ્લા કક્ષા તથા તાલુકા કક્ષાનું સ્થાનિક ભાજપ સંગઠન, સમગ્ર જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતના ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ, પાર્ટીના વિવિધ મંડળના હોદેદારો તથા સભ્ય, અમરેલી જિલ્લા ભાજપના હજારો કાર્યકર્તાઓ સહિત વિસ્તારના તમામ નાગરિકો પણ આ વાતને બખૂબી જાણે છે.

સમગ્ર પંથકના નાગરિકો પોતાના પ્રશ્નોના નિરાકરણ માટે કોઈપણ એપોઈન્ટમેન્ટ કે પુર્વ મંજૂરી વગર, ૨૪ કલાક રજાના દિવસોમાં પણ ગમે ત્યારે પોતાની રજૂઆત માટે કાર્યાલય દ્વારા ખખડાવી શકે એવા ધારાસભ્ય કૌશિક વેકરિયાના જનસંપર્ક કાર્યાલય કર્તવ્યમ બાબતે પણ આ ડુપ્લીકેટ પત્રમાં ઉલ્લેખ કરવામાં આવેલ હોય જે ખરેખર નીંદનીય છે.

આમ, અમારૂ સ્પષ્ટ માનવું છે કે હાથમાં ચાલી રહેલા ભારતીય જનતા પાર્ટીના સંગઠન પર્વના અનુસંધાને, પ્રદેશ દ્વારા નિમણુંક થયેલ સંગઠન ચુંટણી અધિકારી સમક્ષ સ્થાનિક મંડળ પ્રમુખની નિમણુંકમાં વિક્ષેપ ઉભો કરવા અનેક પ્રયાસો થયા છે. આવાજ કોઈ પ્રયત્નના ભાગરૂપે કાર્યકર્તાઓનું મોરલ તોડવા તેમજ પક્ષ ઉપર દબાણ ઊભું કરવા કોઈ હિતશત્રુ દ્વારા પાર્ટીના હજારો કાર્યકર્તાઓનો સતત રણકતો રણકાર અને તેમના હૈયાનો ધબકતો ધબકાર એવા લોકપ્રિય ધારાસભ્ય કૌશિક વેકરિયા તથા ભારતીય જનતા માટે આ કૃત્ય કરવામાં આવ્યું છે જેની સઘળી તપાસ કરી જવાબદારોને કડક સજા થાય તે માટે અંગત ધ્યાન આપવા આપને લાગણીસભરની માંગ કરેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું પત્ર બાબતે ગાંધીનગરમાં રજુઆત

અમરેલીના ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના મુખ્ય નાયબ દંડક કૌશીક વેકરીયાને બદનામ કરવા માટે રાજકીય કાવતરૂ સામે આવતા ભાજપમા ખળભળાટ મચી ગયો છે અમરેલી તાલુકા પંચાયત પ્રમુખ કિશોર કાનપરીયાનું લેટર પેડ ડૂપ્લીકેટ બનાવી ડૂપ્લીકેટ સાઈન બનાવી વાયરલ કરવામાં આવતા તાલુકા પંચાયત પ્રમુખ કિશોર કાનપરીયા જિલ્લા પોલીસ વડા સંજય ખરાતને રૂબરૂ મળી રજૂઆતો કરવામાં આવી છે પોલીસ તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.

અમરેલી તાલુકા પંચાયત પ્રમુખ કિશોર કાનપરિયાએ કહ્યું આજે સવારે મારા વોટ્સએપ પર લેટર પેડ આવ્યો જેમાં લેટર પેડ અને સાઈન ડૂબલીકેટ બનાવી ધારાસભ્ય કેશીકભાઈના વિરૂધ્ધમાં ઘણું બધું લખ્યું છે. આઝાદીના સીતેર વર્ષમાં કોઈએ વિકાસનું જે કામ નથી કર્યું તે કામ અમરેલીના ધારાસસભ્ય કૌશીક વેકરીયા એ કરેલ છે. જેના ઈર્ષાળું લોકો એ હોનહાર ધારાસભ્ય અને ભારતીય જનતા પાર્ટીને બદનામ કરવા માટેનું કાવતરૂ ઘડી આવું વાયરલ કર્યુંછે જે અંગે અમરેલી પોલીસ વડાને મળી વિગત આપી રજૂઆત કરવામાં આવી હતી.

## પાના ૧ ઉપરનું ચાલું બગસરા પાલિકાએ વેરામાં

કે ભુગર્ભ ગટરનું મેઈનટનન્સ દર વર્ષે રૂ.૧ કરોડ છે. ઘરદીઠ પાણી કનેકશન રૂ. ૨૫૦૦ જેટલુ થાય છે તેની સામે માત્ર પાણી વેરો રૂ.૯૦૦ કરાયો છે. સ્ટ્રીટલાઈટનો વેરો માત્ર રૂ.૫૦ કરવામાં આવ્યો છે. જયારે સફાઈના રૂ.૧૦૦ કરવામાં આવ્યા છે. શહેરીજનોને એકાંતરા બે કલાક કરતા વધારે સમય પાણી વિતરણ કરવામાં આવે છે. આ તમામ ખર્ચાઓને પ્રયાને લઈ ૧૦ વર્ષ બાદ પાણી વેરો વધારવામાં આવ્યો છે ત્યારે શહેરીજનોને તમામ અફવાઓથી દુર રહેવા અને વિકાસના કામમાં સહાકાર આપવા પાલિકા પ્રમુખે અંતમાં અનુરોધ કર્યો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ દિનેશ હડીયલ દ્વારા અનેક રજૂઆતો કરવા છતાં બગસરા પાલિકાના વહીવટદારો દ્વારા પ્રજા ઉપર અસહ્ય વેરો વધારો કરતો ઠરાવ પસાર કરેલ જે પ્રજાને કમર તોડી નાખતો વધારો હોઈ જેના અનુસંધાને આ આંદોલન કરવાની ફરજ પડી છે આ ઉપરાંત નિયમ અનુસાર અમુક સમયે ૧૦% થી વધુ વેરો પ્રજા પાસેથી વસૂલી ન શકે તે વેરો તો અગાઉ શરૂ કરેલ છે છતાં આ કમર તોડ વેરો પ્રજાની કમર ભાંગી નાખે તેવો છે થોડા સમય પહેલા વેરા વધારવા બાબતે બગસરા એ બંધ પાળીયુ હતું જેમાં ધારાસભ્ય પણ હાજર રહ્યા હતા જો એક દિવસના બંધને જોઈ કોઈ વહીવટદારો દ્વારા વેરો વધારો પાછો ખેંચવામાં નહીં આવે તો આવતા આગામી દિવસોમાં શહેરના રહીશો દ્વારા ગાંધીજી ચિંધ્યા માર્ગે આગળનું આંદોલન કરવામાં આવશે તેમ ચેમ્બર ઓફ કોમર્સના મંત્રી નિલેશ દેસાણી બંધનું એલાન કરવામાં આવેલ છે તેમજ આ બાબતે ગુજરાત રાજય સરકારના મુખ્યમંત્રીને પત્ર લખી જાણ કરવામાં પણ આવેલ છે જયારે આ બંધમાં ચેમ્બર તેમજ કિરાણા એસોસિએશન દ્વારા શહેરના લોકોને આપીલ કરવામાં આવી છે.

## પાના ૧ ઉપરનું ચાલું મહેરબાની કરીને કૌશિક વેકરિયા વિરૂધ્ધ

ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયા વિરૂધ્ધ અસુરીવૃત્તિની માનસિકતા ધરાવતા લોકોનો બનાવટી લેટર વાયરલ થયો છે. અમરેલી તાલુકા પંચાયત પ્રમુખના નામનો ખોટો લેટર પેડ, ખોટો સિકકો અને ખોટી સહી સાથે આ લેટર બનાવવામાં આવ્યો છે અને આ વાતની પુષ્ટી ખુદ તાલુકા પંચાયત પ્રમુખ કિશોરભાઈ કાનપરિયાએ કરી છે.

વધુમાં જણાવેલ છે કે, લેટરમાં કૌશિકભાઈ વેકરિયાનાં અડગ નેતૃત્વ અને સ્પષ્ટ છબી પર દાગ લાગે તેવા હીન પ્રયાસો કરવામાં આવ્યો છે. પરંતુ સત્ય બહાર આવ્યા વગર રહેતું નથી અને એવું જ થયું. લેટશની વાત બહાર આવતા જેના નામે લેટર ફરતો થયો છે એ અમરેલી તાલુકા પંચાયતનાં પ્રમુખ કિશોરભાઈ કાનપરિયાએ પોતાના નામનો ખોટી રીતે ઉપયોગ કરીને બનાવટી લેટર તૈયાર કરનારા સામે આકરા શબ્દોમાં ઝાટકણી કાઢી છે અને તેની વિરૂધ્ધમાં કડકમાં કડક ફરિયાદ કરવાની વાત પણ તેમણે કરી છે.

અમરેલી તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ વનરાજભાઈ કોઠિવાળે જણાવ્યું હતું કે, અમુક લોકોની આવા બનાવટી લેટર લખવામાં હોંશિયારી છે અને આવું કરતાં આવ્યા છે અને જાણીએ છીએ કે આવુ હીન કૃત્ય કોણ કરી શકે! આવા લોકોનું જાહેરજીવનમાં કોઈ સ્થાન નથી. આ બાબતે હું સ્પષ્ટતાપૂર્વક કહેવા માગુ છું કે મહેરબાની કરીને કૌશિકભાઈ વેકરિયા વિરૂધ્ધ ખોટા કાવતરા કરવાનું બંધ કરી દેજો. તેમણે વધુમાં કહ્યું હતું કે, અમરેલીમાં જે વિકાસનો પથ તૈયાર થઈ રહ્યો છે તે કૌશિકભાઈ વેકરિયાને આભારી છે. અમરેલીની ચારેકોર વિકાસના કાર્યો થઈ રહ્યા છે અને ધારાસભ્ય તરીકે તેમણે હંમેશા પ્રજાહિતને ધ્યાનમાં રાખીને કામ કર્યુ છે.

વધુમાં તેમણે કહ્યું હતું કે, પાયાયવિહોણી વાતો કરવાથી સુરજના પ્રકાશને ઝાંખો ન પાડી શકાય. કૌશિકભાઈ વેકરિયાના કામ બોલે છે અને ખરા અર્થમાં તેઓ અમરેલી જિલ્લાનાં સાચા લોકસેવક સાબિત થયા છે તેમ અંતમાં જણાવેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું મહિલા પોલીસકર્મીને પરેશાન કરનાર

અલગ સમાજના વ્યકિત વચ્ચે ઝઘડો થયેલ. જે બાબતે બાબરા પોલીસ મથકમાં એટ્રોસીટી એકટ અન્વયે ફરિયાદ દાખલ થયેલ. જે બાબતે જે વ્યકિતને આરોપી તરીકે દર્શાવેલ છે તેના પરિવારના સભ્યો આ કેસમાં નિર્દોષ હોવા છતાં પણ તેઓને કેસમાં નામ ચડાવવા પોલીસ પર વીડિયોનાં માધ્યમથી દબાણ ઉભું કરવામાં આવેલું. તો આ રીતે એક મહિલાને ખોટી રીતે ફસાવી દેવાનો બદ ઈરાદો ધરાવનાર અને ભાષણમાં પણ બહેન વિરૂધ્ધ સતત ફરિયાદની વાત કરી રાજશ્રીબેનના અને સમગ્ર કાઠી સમાજનાં સ્વમાનને ઠેશ પહોંચાડેલ છે અને તેઓને માનસિક ત્રાસ આપેલ.

વધુમાં જણાવેલ છે કે, જયારે પણ કોઈપણ સમાજના વ્યકિત કે વ્યકિતઓ પર એટ્રોસીટી એક પ્રમાણે ગુન્હો દાખલ કરવામાં આવે ત્યારે પોલીસ કોઈના દબાણમાં કે ઉતાવળમાં ગુન્હો દાખલ કરવામાં પુરતી તપાસ કરે અને કોઈ નિર્દોષ આ કાયદામાં ફીટ ના થઈ જાય તે માટે પણ ઘટતું કરવામાં આવે. જો કોઈ નિર્દોષ વ્યકિત કે વ્યકિતઓ પર પુરતી તપાસ વગર આ કાયદા પ્રમાણે કેસ દાખલ થશે તો તે પણ માનવ અધિકારનો ભંગ થયેલો જ ગણાશે માટે આ કાયદાનાં ઉપયોગ સમયે પોલીસ ધ્વારા પુરતી તપાસના અંતે જ દોષિત પર એફઆઈઆર નોંધાઈ અને નિર્દોષને કાયદાના દુરૂપયોગની સજા ના થાય તેવી માંગ કરાઈ.

વધુમાં જણાવેલ છે કે, રાજેશ્રીબહેનને જયારે બાબરા પોલીસ મથકે બેસાડેલા રખાયા હતા તે સમય દરમિયાન રાત્રીનાં ૧૨ વાગ્યે એલસીબી કોન્સ્ટેબલ ધ્વારા તેઓને જે રૂમમાં રખાયા હતા ત્યાં જઈ બદઈરાદાથી રાજેશ્રીબેનને ધમકાવવાનાં પ્રયત્નો કરેલા અને તે સમયે કોઈ મહિલા કોન્સ્ટેબલની હાજરી પણ નહોતી તેની વિરૂધ્ધ પણ ધોરણસરની કાર્યવાહી કરવામાં આવે.

વધુમાં જણાવેલ છે કે, નીલવડા ગામે જયારે તા. ૨૨/૧૨/૨૦૨૪નાં બનાવ બન્યો ત્યારે સમાજના અમુક લોકો ધ્વારા ફેસબુકનાં માધ્યમથી વિડીયોમાં કાઠી સમાજના લોકોની લાગણી દુભાઈ તે રીતે અપશબ્દોનો પ્રયોગ કરવામાં આવ્યો અને તેજ ગામના સમાજનાં આગેવાન ધ્વારા તેઓના સમાજને ઉશ્કેરવા વિડીયોમાં કાઠી સમાજના ૨ યુવાનોના હાથ–પગ ભાંગી નાખવાની વિડીયોમાં વાત કરી રહ્યા છે અને તેઓના સમાજને ઉશ્કેરી બે સમાજ વચ્ચે વર્ગવિગ્રહ ફેલાય તે રીતે ગાળો બોલી રહ્યા હતા. જેઓની પણ ધરપકડ કરવામાં આવે અને તેમના પર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે.

વધુમાં જણાવેલ છે કે, તા. ૨૪/૧૨/૨૦૨૪નાં રોજ નીલવડા ગામે ચોકકસ સમાજના આગેવાનો ધ્વારા રાત્રીનાં સમયે મિટીંગનું આયોજન કરવામાં આવેલ અને તેમાં આવેલા અલગ અલગ વિસ્તારનાં આગેવાનો ધ્વારા જે ભાષણ આપવામાં આવેલા તેમાં રાજેશ્રીબેનને એટ્રોસીટી કેસમાં સંડોવી દેવામાં આવેલ છે. ઉપરાંત આરોપીના બહેન પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હોવાની જાણ ફરિયાદીઓને થતાં તેઓ ધ્વારા ખોટી રીતે એક મહિલાને પણ પરિવારનાં સભ્ય હોવા માત્રથી તેની નોકરી અને સ્વમાનને નુકસાન પહોંચાડવાનાં ઈરાદા સાથે ફરિયાદીઓ ધ્વારા પોલીસ પ્રશાસનને દબાણ કરાતાં હોવાના વિડીયો અમોને ધ્યાને આવ્યા છે. આ બાબતથી આ કેસની તપાસકર્તા અધિકારી અને અન્ય પોલીસ કર્મચારીઓ ધ્વારા અમારા બહેનને તા. ૨૨/૧૨/૨૦૨૪થી તા. ૨૬/૧૨/૨૦૨૪ સુધી માનવ અધિકારનો ભંગ કરી બિનકાયદેસર રીતે પોલીસ મથકે બેસાડી રાખેલ હતા અને સતત બહેનને અને તેઓના સગા–સબંધીઓને આરોપીને હાજર કરવા માનસિક ટોર્ચર કરવામાં આવેલું. આ રીતના અધિકારીઓના અને કેસમાં ખોટા નામ દાખલ કરવા દબાણ કરતા ફરિયાદીના માનસિક ત્રાસથી અમારા બહેનને ફિનાઈલ પીવાની ફરજ પડેલ છે. ઉપરાંત બહેનના સગા ભાઈ રવિરાજભાઈ કે જેઓ નીલવડા ગામે બનેલા બનાવનાં સમયે બાબરા પોતાના ઘરે હોવા છતાં તેઓની ઉપર પણ એટ્રોસીટી એકટ અને ૩૦૭ અન્વયે કેસ દાખલ કરાયો તે પણ માનવ અધિકારનાં ભંગ સમાન છે. રાજેશ્રીબહેનને આપઘાત કરવા મજબુર થવાનું પગલું ભરવું પડે તેવી ફરજ પાડનાર તમામ અધિકાર, કર્મચારી અને અન્ય દોષિતો પર કાયદાકીય કાર્યવાહી કરશો. ઉપરાંત રાજેશ્રીબહેને આ પગલું ભરતા પહેલા સ્યુસાઈડ નોટ પણ લખેલી છે જેમાં પોતાને થતાં અન્યાય અને અધિકારીઓના માનસિક ત્રાસની વાત કરેલ છે. અમારા બહેન હાલ અમરેલી સિવિલ હોસ્પિટલમાં દાખલ હોય જો તેને કંઈ પણ થશે તો માત્રને માત્ર બહેનને બિનકાયદેસર પોલીસ મથકે બેસાડી રાખી ટોર્ચર કરનાર અધિકારીઓ/ખોટી ફરિયાદ કરનાર ફરિયાદીઓનું દબાણ જવાબદાર રહેશે. તેમ અંતમાં જણાવેલ છે.

## અવસાન નોંધ

**ચલાલા :** પ્રદયુમનભાઈ કેશવલાલ રાજનાં પુત્ર વિજયભાઈ (ઉ.વ. ૫૭) તે રેખાબેન કીરીટકુમાર કકકડ (મોરબી) તથા મીરાબેન અનમોલકુમાર (અમદાવાદ)નાં ભાઈનું તા. ૨૬/૧૨/૨૪ને ગુરૂવારનાં રોજ અવસાન થયેલ છે.

**અમરેલી :** મણિલાલ ડાયાલાલ માધવાણી (ઉ.વ. ૮૫) તે રાકેશભાઈ, અતુલભાઈના પિતા, જયંતીભાઈ, મનુભાઈ, અંતુભાઈના ભાઈનું તા. ૨૭ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તેમજ પિયર પક્ષની સાદડી તા. ૨૮ ને શનિવારે સાંજે ૪ થી ૬ કલાકે સોની જ્ઞાતિ ની વાડી અમરેલી ખાતે રાખેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું સ્થાનિક મંડળ પ્રમુખની નિમણુંકમાં

અમરેલી જિલ્લામાં ૨૦૨૦ માં કૌશિક વેકરીયા જિલ્લા ભાજપ પ્રમુખ બનીને સમગ્ર જિલ્લાનું ભાજપનું સંગઠન મજબુત બનાવી, સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં અમરેલી જિલ્લાની તમામ નગરપાલિકાઓ, તમામ તાલુકા પંચાયતો અને અમરેલી જિલ્લા પંચાયતમાં ભારતીય જનતા પાર્ટીનો ભવ્ય વિજય ધ્વજ લહેરાવેલ. ત્યારબાદ ૨૦૨૨ ની વિધાનસભાની ચુંટણીમાં તત્કાલિન વિરોધ પક્ષના નેતાને પોતાની કાર્યક્ષેલી અને લોકચાહનાથી ૪૬ હજારથી વધુ મતોથી ચુંટણી હરાવી ધારાસભ્ય તરીકે ચુંટાયા અને આજદિન સુધી બે વર્ષથી ઓછા સમયગાળામાં સમગ્ર અમરેલી પંથકમાં જન–કલ્યાણકારી કામો કરી અનન્ય લોકચાહના મેળવી તેમજ ન ભૂતો ન ભવિષ્યતિ એવા હજારો કરોડનાં વિકાસનાં કામો સરકારમાંથી મંજુર કરાવ્યા છે.

વધુમાં જણાવેલ છે કે આવા એક યુવા, લોકપ્રિય, શિક્ષીત, કર્મઠ અને વિકાસનુ વિઝન ધરાવતા ધારાસભ્ય જે અમરેલી વિધાનસભા માટે ઉજળી આવતીકાલ સમાન છે. તથા અમરેલીનાં લોકોની સુખાકારી વધારવા માટે સરપંચોથી લઈ સચિવો સુધી તથા ખેડૂતોથી લઈ મંત્રીઓ સુધી લોકહિતનાં પ્રશ્નો તેમજ ભારતીય જનતા પાર્ટીનાં હજારો કાર્યકર્તાઓ માટે જેમનાં ફોન ૨૪ કલાક રણકતો રહે છે. એવા એક જાહેર જીવનની સૌજન્યતા સાથે લોકોની સેવાને પોતાનાં રાજકીય કારકિર્દીનું કેન્દ્રબિંદુ બનાવીને કામ કરી રહેલા આવા પરોપકારી રાજકીય આગેવાનને બદનામ કરવાનો પ્રયાસ તથા ભારીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓનો મોરલ તોડવા માટે અમુક રાજકીય વિરોધીઓ તથા કોંગ્રેસના આગેવાનો સાથે મળીને આ પ્રકારનું હિન્ન કૃત્ય કરવામાં આવ્યા હોવાનું મારૂ માનવું છે.

વધુમાં અમરેલી પંથકના તમામ ધારાસભ્યઓ, સાંસદ સભ્ય, જિલ્લા કક્ષા તથા તાલુકા કક્ષાનું સ્થાનિક ભાજપ સંગઠન, સમગ્ર જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતનાં ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ, પાર્ટીનાં વિવિધ મંડળનાં હોદેદારો તથા સભ્યો, અમરેલી જિલ્લા ભાજપના હજારો કાર્યકર્તાઓ સહિત વિસ્તારના તમામ નાગરિકો પણ આ વાતને બખૂબી જાણે છે.

સમગ્ર પંથકના નાગરિકો પોતાનાં પ્રશ્નોના નિરાકરણ માટે કોઈપણ એપોઈન્ટમેન્ટ કે પુર્વ મંજુરી વગર, ૨૪ કલાક રજાનાં દિવસોમાં પણ ગમે ત્યારે પોતાની રજુઆત માટે કાર્યાલયનાં દ્વારા ખખડાવી શકે એવા ધારાસભ્ય કૌશિક વેકરીયાનાં જનસંપર્ક કાર્યાલય કર્તવ્યમ બાબતે પણ આ ડૂપ્લીકેટ પત્રમાં ઉલ્લેખ કરવામાં આવેલ હોય જે ખરેખર નીંદનીય છે.

## Name has been changed

I hereby declarer, **Dwarkadasbhai Narshibhai Dobariya,** my old name has been changed from **Dwarkadas Narsinhbhai Dobariya** to **Dwarkadasbhai Narshibhai Dobariya** So From now on I will be Known by this name.

## જાહેર નોટિસ

આથી આ જાહેર નોટિસ આપી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં અમરેલી તાલુકાનાં મોજે અમરેલી ગામે લાઠી રોડ રસ્તે આવેલ રે.સ.નં. ૧૪૮ પૈકીથી નોંધાયેલ જમીનમાં આવેલ "યોગીનગર" નામના વિસ્તારમાં આવેલ પ્લોટ નં. ૧૨૦ ની જમીન ચો.મી. ૧૬૦–૦૦ વાળી મિલ્કત હાલનાં ધારણકર્તા **જશુબેન હિંમતભાઈ અમરેલીયા** સદરહું મિલ્કત ઉપર એસ.બી.આઈ. અમરેલીમાંથી લોન/ધિરાણ/મોર્ગેજ કરવા માંગતા હોય, અમારા પાસે ટાઈટલ કલીયર સર્ટીફિકેટ મેળવવા માંગતા હોય, તેઓએ અમારી સમક્ષ સદરહું મિલ્કતના ટાઈટલ ડીડઝ રજૂ કરેલ છે. પરંતુ સદરહું મિલ્કતના ટાઈટલ ડીડઝ તપાસતા નીચે મુજબના દસ્તાવેજી લેખમાં સંબંધિત કુલમુખત્યારનામુ અથવા તેની નકલ મળી આવતી નથી. અને ગેરવલ્લે થયેલ છે. તેવી રજૂઆત હાલના માલીક **જશુબેન હિંમતભાઈ અમરેલીયા** તરફથી અમારા સમક્ષ કરવામાં આવેલ છે.

**સરલાબેન પ્રવિણભાઈ જાદવ**ના કુલમુખત્યાર **પ્રવિણભાઈ વેલજીએ જાદવે** તા.૧૧/૦૫/૧૯૯૮ ના દસ્તાવેજ નં. ૧૧૫૭ માં કરી આપેલ લેખ સબંધેનુ કુલમુખત્યારનામુ.

સબબ ઉપકરોત લેખ સંબધે તથા કુલમુખત્યારનામા અન્વયે કે સદર મિલ્કત અન્વયે કે સદર મિલ્કતના કોઈપણ ભાગ અન્વયે કોઈપણ બેંક, સંસ્થા, પેઢી કે વ્યકિતનો કે કોઈપણનો કોઈપણ જાતનો હકક, હિત, હિસ્સો, ગીરો, કબજો, બક્ષીસ હોય તો આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયે દિવસ – ૩ માં અમો નીચે સહી કરનાર પાસે લેખીત આધાર પુરાવા સાથે રજુ કરશો. જો સમય મર્યાદામાં કોઈના તરફથી કોઈ વાંધા તકરાર આવશે નહી તો સદરહું મિલ્કત પરત્વે કોઈને વાંધા તકરાર છે નહી અને હોય તો તે સ્વેચ્છાએ જતા (WAVE) કરેલ છે તેમ માની અમો સદરહું મિલ્કતનું વિશેષ અભિપ્રાય સાથે ટાઈટલ કલીયર સર્ટીફિકેટ એસ.બી.આઈ. બેંક અમરેલી તરફે આપવામાં આવશે ત્યારબાદ કોઈના કોઈપણ જાતનાં વાંધા, તકરાર એસ.બી.આઈ. બેંક અમરેલીને બંધનકર્તા રહેશે નહીં. જેની નોંધ લેશો.

તા. ૨૭/૧૨/૨૦૨૪
ફોરવર્ડ શોપીંગ સેન્ટર, દુકાન નં. ૧૩ સિવીલ હોસ્પિટલ રોડ, અમરેલી.
**મોબાઈલ – ૯૮૨૫૫ ૨૭૧૦૧**

**દેવેન્દ્રકુમાર સી. ખંભોળીયા (એડવોકેટ )**

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૭૪ | ૧૪૮૧ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૬૦૬ | ૬૦૬ |
| ૩ | મગફળી | ૮૪૨ | ૮૪૨ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૨૦ | ૧૦૫૯ |
| ૨ | ગીરનારી શીંગ | ૧૦૭૦ | ૧૨૭૨ |
| ૩ | શિંગ મોટી | ૮૩૦ | ૧૨૧૨ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૯૦૦ | ૧૨૬૫ |
| ૫ | તલ સફેદ | ૧૫૯૫ | ૨૭૫૫ |
| ૬ | તલ કાળા | ૩૫૩૦ | ૪૯૮૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૧૭૦ | ૩૨૫૦ |
| ૮ | બાજરો | ૪૦૦ | ૫૬૨ |
| ૯ | જુવાર | ૭૫૧ | ૧૦૨૨ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૯૧ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૨૮ | ૬૫૧ |
| ૧૨ | મગ | ૧૫૩૦ | ૧૭૦૫ |
| ૧૩ | અડદ | ૧૦૯૮ | ૧૫૩૦ |
| ૧૪ | ચણા | ૧૦૦૦ | ૧૨૬૬ |
| ૧૫ | ચણા સફેદ | ૧૧૫૦ | ૧૯૧૦ |
| ૧૬ | તુવેર | ૧૦૩૦ | ૧૫૫૮ |
| ૧૭ | કપાસ | ૮૪૦ | ૧૪૭૨ |
| ૧૮ | એરંડા | ૧૧૧૫ | ૧૨૦૯ |
| ૧૯ | જીરૂ | ૨૧૦૦ | ૪૪૯૦ |
| ૨૦ | ધાણા | ૧૨૩૦ | ૧૩૮૫ |
| ૨૧ | સોયાબીન | ૬૦૦ | ૮૪૮ |
| ૨૨ | રજકાનું બી | ૩૯૦૦ | ૫૦૦૦ |
| ૨૩ | મરચા લાંબા | ૬૭૦ | ૨૪૮૦ |
| ૨૪ | વરીયાળી | ૧૧૬૫ | ૧૭૦૦ |
| ૨૫ | કાંગ | ૬૫૫ | ૬૫૫ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૧૦ | ૧૪૧૪ |
| ૨ | મગફળી | ૭૦૧ | ૧૧૫૧ |
| ૩ | ઘઉં | ૫૬૧ | ૫૭૭ |
| ૪ | ચણા | ૧૧૭૭ | ૧૨૩૦ |
| ૫ | તુવેર | ૧૩૫૫ | ૧૩૫૫ |
| ૬ | એરંડા | ૧૧૫૬ | ૧૧૫૬ |
| ૭ | શીંગ ફાડા | ૧૦૦૫ | ૧૦૭૫ |
| ૮ | મગ | ૧૪૫૦ | ૧૫૭૬ |
| ૯ | સોયાબીન | ૬૮૧ | ૮૦૩ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૫૧ | ૧૦૫૧ |
| ૨ | શીંગ મોટી | ૧૦૫૧ | ૧૧૭૦ |
| ૩ | તલ સફેદ | ૨૦૮૬ | ૨૫૭૫ |
| ૪ | તલ કાળા | ૪૪૫૦ | ૫૦૫૦ |
| ૫ | જીરૂ | ૩૯૨૫ | ૪૩૫૧ |
| ૬ | કપાસ | ૧૩૫૦ | ૧૪૭૦ |
| ૭ | ઘઉં લોકવન | ૫૨૫ | ૬૫૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૭૦ |
| ૯ | બાજરો | ૪૫૦ | ૬૮૦ |
| ૧૦ | જુવાર | ૫૦૦ | ૮૦૦ |
| ૧૧ | અડદ | ૧૦૧૧ | ૧૩૦૦ |
| ૧૨ | ચણા | ૧૦૫૦ | ૧૩૫૦ |
| ૧૩ | તુવેર | ૧૨૫૦ | ૧૫૫૨ |
| ૧૪ | એરંડી | ૧૦૨૫ | ૧૧૭૫ |
| ૧૫ | મેથી | ૮૦૦ | – |
| ૧૬ | ધાણા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ૧૭ | સોયાબીન | ૭૦૫ | ૮૦૧ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૬૫ | ૧૪૭૦ |
| ૨ | મગફળી | ૧૦૦૦ | ૧૦૪૫ |
| ૩ | ચણા | ૧૦૦૦ | ૧૧૬૧ |
| ૪ | જુવાર પીળી | ૩૦૧ | ૩૦૧ |
| ૫ | સોયાબીન | ૭૦૦ | ૮૧૫ |
| ૬ | ધાણા | ૧૦૦૨ | ૧૦૦૨ |
| ૭ | અડદ | ૮૮૧ | ૮૮૧ |
| ૮ | ઘઉં | ૫૬૦ | ૫૬૦ |
| ૯ | મગ | ૨૫૦૧ | ૨૫૦૧ |
| ૧૦ | સુર્યમુખી | ૭૦૦ | ૭૦૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૫૦૦ |
| ૨ | ઘઉં લોકવન | ૫૨૫ | ૬૦૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૨૨ | ૬૦૭ |
| ૪ | બાજરો | ૫૯૧ | ૫૯૧ |
| ૫ | સોયાબીન | ૫૦૦ | ૭૯૦ |
| ૬ | મગફળી | ૬૩૦ | ૯૭૦ |
| ૭ | ચણા | ૧૨૦૯ | ૧૪૨૫ |
| ૮ | તલ સફેદ | ૨૧૦૦ | ૨૨૦૫ |
| ૯ | ધાણા | ૧૨૮૦ | ૧૩૭૦ |
| ૧૦ | જુવાર | ૭૭૦ | ૭૭૦ |
| ૧૧ | અડદ | ૯૬૦ | ૧૨૮૦ |
| ૧૨ | લસણ | ૧૪૧૦ | ૧૪૧૦ |
| ૧૩ | તલ કાશ્મીરા | ૩૦૮૦ | ૩૦૮૦ |
| ૧૪ | શીંગદાણા | ૧૦૬૦ | ૧૦૬૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૩૦ | ૧૫૦૪ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૧૭૦ | ૧૩૮૦ |
| ૩ | મગફળી જી ૨૦ | ૧૦૯૦ | ૧૧૭૦ |
| ૪ | મગફળી બી.ટી. | ૯૪૫ | ૧૦૬૫ |
| ૫ | અડદ | ૧૧૩૫ | ૧૨૯૫ |
| ૬ | ઘઉં | ૫૩૦ | ૬૧૦ |
| ૭ | તલ સફેદ | ૧૯૧૦ | ૨૦૫૦ |
| ૮ | જીરૂ | ૩૯૭૫ | ૪૩૯૫ |
| ૯ | સોયાબીન | ૭૬૯ | ૭૯૧ |
| ૧૦ | ચણા | ૧૧૮૫ | ૧૨૩૫ |
| ૧૧ | તુવેર | ૧૨૮૦ | ૧૬૫૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૨૦ | ૧૧૪૬ |
| ૨ | તલ સફેદ | ૧૯૮૧ | ૧૯૮૧ |
| ૩ | તલ કાળા | ૪૨૦૦ | ૪૪૪૫ |
| ૪ | તલ પીળા | ૩૨૦૧ | ૩૨૦૧ |
| ૫ | કપાસ | ૧૩૦૦ | ૧૪૫૫ |
| ૬ | બાજરો | ૫૧૦ | ૫૭૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૮૫ | ૬૭૩ |
| ૮ | જુવાર | ૪૫૦ | ૮૨૧ |
| ૯ | મગ | ૧૩૦૦ | ૧૫૭૫ |
| ૧૦ | અડદ | ૯૮૦ | ૧૮૯૨ |
| ૧૧ | ચણા | ૧૧૦૦ | ૧૨૫૦ |
| ૧૨ | સોયાબીન | ૭૦૧ | ૮૨૦ |

# અમરેલી : બ્રહ્માકુમારીઝ દ્વારા "હમ હોંગે કામયાબ"બાળ વ્યકિતત્વ વિકાસ કેમ્પનું આયોજન



નવું વર્ષ ૨૦૨૫ના આગમનનાં વધામણા કરવા બ્રહ્માકુમારીઝ દિવ્ય અનુભૂતિ ભવનનાં જ્ઞાનમોતી હોલમાં શાંત પવિત્ર વાતાવરણમાં શહેરના ૩૦૦ થી વધુ બાળકોએ અને ૧૦૦ થી વધુ વાલીઓની ઉપસ્થિતિમાં ઓમ મંત્રના નાદથી બાળકોએ પવિત્ર પ્રકંપો ફેલાવ્યા બ્ર.કુ.કિજલદીદીએ નાના બાળકોને ૧૦ સકારાત્મક શકિતશાળી સુવાકયો શીખવ્યા. જેનાથી તેમનું જીવન સકારાત્મક દિશામાં આગળ વધે. બ્ર.કુ. કંચનદીદીએ અવનવા ઉખાણા અને કોયડાઓ દ્વારા બાળકોને તાજા લીલી શાકભાજી ફળો અને ઘરમાંજ બનાવેલ શુધ્ધ ભોજન ખાવાની પ્રેરણા આપી. બ્રહ્માકુમારીઝનાં ડીવાઈન ડાન્સ ગ્રુપ દ્વારા મૌન અભિનય પ્રવૃતિઓમાં મોબાઈલથી મુકત રહેવા અને પર્યાવરણ સંરક્ષણનો દિવ્ય સંદેશ આપેલ સંસ્થાના મુખ્ય સંચાલિકા બ્ર.કુ.ગીતાદીદીએ મેડીટેશનનો અર્થ સમજાવી પરમાત્માની પરમ શાંતિ અને દિવ્ય શકિતઓનો અનુભવ કરાવેલ.જોઈ જાદુગર અને ગીત સંગીતમય કરસરતો બાળકોને કરાવતા ખૂબજ મજા પડી ગઈ. શાંતાકલોઝે બધાને મીઠી મીઠી ચોકલેટ ખવડાવી બ્ર.કુ.ગીતાદીદીએ કૃષ્ણના ફોટાની ભેટ આપતા તેમના જેવા ગુણવાન બનવા જણાવેલ.અંતે ગોડલી ગાર્ડનમાં બધાને પ્રભુપ્રશાદ આપેલ. કાર્યક્રમ બાદ તા.૨૬ થી ૩૧ ડીસે.સુધી રાજયોગ મેડીટેશન શિબિર રોજ રાત્રિના ૮.૩૦ થી વિના મૂલ્યે શિખવાડવામાં આવશે તો આ શિબિરનો લાભ લેવા જાહેર જનતાને ઈશ્વરીય નિમંત્રણ છે.

### દર વર્ષની જેમ આ વર્ષે પણ

## સાવરકુંડલાથી વીરપુર (જલારામ) સુધીની પદયાત્રાનો પ્રારંભ : ૨૫ ભકતો જોડાયા

### રઘુવંશી સમાજનાં આગેવાનોએ પદયાત્રીઓનુ કર્યુ સન્માન



સાવરકુંડલા, તા. ૨૭

જલારામ બાપામાં અખૂટ શ્રદ્ધા ધરાવનારા સાવરકુંડલાના જલારામ મિત્ર પદયાત્રા સંઘ દ્વારા દર વર્ષની માફક આ વર્ષે પણ ૨૫ જલારામ ભક્તો સાવરકુંડલાથી પગપાળા વિરપુર જલારામ બાપાનાં ચરણોમાં વંદન કરવા પદયાત્રાએ રવાના થયા દર વર્ષની માફક આ વર્ષે પણ વીરપુર (જલારામ મિત્ર) સંઘ ચાલતા વીરપુર નીકળ્યા જેમાં ૨૫ જલારામ ભક્તો ધ્રુવીલ રાયચુરા, હિરેન સૂચક, પ્રિન્સ વસાણી, અંકિત કાનાબાર, સ્મિત વણઝારા, બાલો શિંગાળા, રિતેશમાધવાણી, યશ રૂપારેલ, વિપુલ પાંઉ, જીમ્મી કાનાણી, કાર્તિક મશરૂ, ગાંધી મામા, અજય સવાણી, પરેશભાઈ ધામેચા,

પિયુષ માનસેતા, સમીપ મશરૂ, ભરત ગઢીયા, હિતેશ સોમૈયા, મઘો દરબાર, ભાવેશ ભદ્રેશ્વરા, સંદીપ મરજાદી, અલ્પેશ મજીઠીયા,

સત્યમ ડોડીયા, જુગલ બનજારા, મિતુલ નાંઈ, અશોકભાઈ મકવાણા, દર્શન રૂપારેલ , (ગોપાલ મશરૂ ) ચાલતા ચાલતા પગપાળા વીરપુર પદયાત્રાએ રવાના થયાં. આ રૂડા પ્રસ્થાન સમયે સાવરકુંડલા લોહાણા મહાજન પ્રમુખ જગદીશભાઈ માધવાણી, વીરદાદા જસરાજ સેના પ્રમુખ હિતેશ સરૈયા જલારામ મંદિર –પ્રમુખ પરેશભાઈ કોટક, જસાભાઈ સરૈયા પિયુષભાઈ મશરૂ તેમજ આનંદભાઈ વણજારા દ્વારા પુષ્પગુચ્છ અર્પણ કરી શુભેચ્છાઓ સાથે પ્રસ્થાન કરાવવામાં આવ્યું.

## અમરેલી : શ્રીમતી એસ.એચ. ગજેરા કેમ્પસનાં DLSS ખેલાડીઓનો નેશનલ લેવલે ડંકો



અમરેલી, તા.૨૭

અમરેલી જિલ્લાનું ગૌરવ વધારતા વધુ એક સિદ્ધિ...શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ સંચાલિત જિલ્લાકક્ષા સ્પોર્ટ સ્કૂલનાં ખેલાડીઓએ ૪૬ જુનિયર બહેનો નેશનલ હેન્ડબોલ ચેમ્પિયનશિપમાં પાર્ટીશીપેશન કરેલ હતું. જે તા.૨૨ થી ૨૭ ડિસેમ્બરના રોજ દીડીગુલ તલિમનાડુ મુકામે યોજાઈ હતી. આ સ્પર્ધામાં વિવિધ રાજયોમાંથી બહોળી સંખ્યામાં ખેલાડીઓએ પાર્ટીશીપેશન કરેલ હતું. જેમાં શ્રીમતી શાંતાબેન શાંતાબેન હરિભાઈ ગજેરા જિલ્લાકક્ષા સ્પોર્ટ સ્કૂલના ખેલાડીઓ (૧) હડિયા સુમિતા (૨) વેગડ મીના (૩) સોલંકી દિવ્યા ગુજરાત રાજયની ટીમમાં પાર્ટીશીપેશન કરી રાષ્ટ્રીય કક્ષાએ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરેલ જે સિદ્ધિ મેળવી અમરેલી જિલ્લા અને શાળાનું ગૌરવ વધાર્યુ છે. વિદ્યાર્થીઓને રમત–ગમત ક્ષેત્રે સતત અનુભવી કોચ દ્વારા પ્રશિક્ષણ અને કુશળ મેનેજમેન્ટના માર્ગદર્શનથી સતત સિદ્ધિઓ પ્રાપ્ત કરી રહયા છે.

તે બદલ સંસ્થાનાં પ્રમુખ વસંતભાઈ ગેજરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મંત્રી મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી દ્વારા ખેલાડીઓને અને કોચ રવિભાઈ નાવડીયા તેમજ ટ્રેનર અંશભાઈ પટેલ, કાજલબેન ડાંગરને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.


### મનમોહન સિંહના અંતિમ સંસ્કાર આજે થશે

# મનમોહન સિંહને મોદી-રાહુલ ગાંધી સહિત અનેક દિગ્ગજ નેતાઓએ શ્રદ્ધાંજલિ આપી

### મનમોહન સિંહનું જીવન તેમની પ્રામાણિક્તા અને સાદગીનું પ્રતિબિંબ હતું, તેમની નમ્રતા અને બૌદ્ધિકતા તેમના સંસદીય જીવનની ઓળખ બની ગઈ હતી

નવી દિલ્હી, તા. ૨૭

પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહનું ૯૨ વર્ષની વયે અવસાન થયું છે. ગુરુવારે સાંજે બેહોશ થઈ જતાં તેમને દિલ્હી એમ્સમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમણે રાત્રે ૯.૫૧ વાગ્યે અંતિમ શ્વાસ લીધા હતા. તેમના પાર્થિવ દેહને તેમના ઘરે લાવવામાં આવ્યો છે, જ્યાં પૂર્વ પીએમના અંતિમ દર્શન માટે લોકોની ભીડ ઉમટી પડી હતી. મનમોહન સિંહના અંતિમ સંસ્કાર આવતીકાલે થઈ શકે છે. તેમની એક દીકરી અમેરિકાથી આવી રહી છે અને તેની રાહ જોવાઈ રહી છે. તેમની એક દીકરી અમેરિકાથી આવી રહી છે અને તેની રાહ જોવાઈ રહી છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી સહિત અનેક દિગ્ગજ નેતાઓએ તેમને શ્રદ્ધાંજલિ આપી છે. જ્યાં પૂર્વ પીએમના અંતિમ દર્શન માટે લોકોની ભીડ ઉમટી રહી છે. મનમોહન સિંહના અંતિમ સંસ્કાર આવતીકાલે થઈ શકે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહના નિધન પર એક વીડિયો સંદેશ જાહેર કર્યો છે. તેમણે પોતાના વિડીયો સંદેશમાં કહ્યું, "મનમોહન જીના નિધનથી દરેકના હૃદયમાં ઊંડું દુઃખ થયું છે. એક રાષ્ટ્ર તરીકે આ આપણા માટે બહુ મોટી ખોટ છે. ભાગલાના એ સમયગાળામાં ઘણું બધું ગુમાવ્યા પછી ભારત આવવું અને અહીં જીવનના દરેક ક્ષેત્રમાં સિદ્ધિઓ હાંસલ કરવી એ સામાન્ય વાત નથી. તેમનું જીવન નવી પેઢીને શીખવતું રહેશે કે કેવી રીતે ખામીઓથી ઉપર ઊઠીને ઊંચાઈ પ્રાપ્ત કરી શકાય. અર્થશાસ્ત્રી તરીકે તેમણે વિવિધ સ્તરે યોગદાન આપ્યું હતું. લોકો અને દેશના વિકાસ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાને હંમેશા સન્માનની નજરે



જોવામાં આવશે. મનમોહન સિંહ જીનું જીવન તેમની પ્રામાણિકતા અને સાદગીનું પ્રતિબિંબ હતું. તેમની નમ્રતા, નમ્રતા અને બૌદ્ધિકતા તેમના સંસદીય જીવનની ઓળખ બની ગઈ હતી.પૂર્વ પીએમના નિધન પર સરકારે ૭ દિવસનો રાજકીય શોક જાહેર કર્યો છે. તેમના નિધન બાદ કોંગ્રેસ પાર્ટીએ આજે પોતાના તમામ કાર્યક્રમો રદ્દ કરી દીધા હતા. તેમના અવસાન બાદ મનમોહન સિંહના પાર્થિવ દેહને એઈમ્સથી મોડી રાત્રે દિલ્હીમાં તેમના નિવાસસ્થાને લાવવામાં આવ્યો હતો. તમને જણાવી દઈએ કે ડૉ.મનમોહન સિંહ લાંબા સમયથી સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓનો સામનો કરી રહ્યા હતા. આ પહેલા પણ તેમને સ્વાસ્થ્યના કારણોસર ઘણી વખત હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ પ્રધાન અમિત શાહ ભૂતપૂર્વ પીએમ મનમોહન સિંહના અંતિમ દર્શન માટે તેમના નિવાસસ્થાને પહોંચ્યા હતા. ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડા પણ તેમની સાથે હાજર હતા. આ દરમિયાન બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે ડૉ. મનમોહન સિંહના નિધનને ધ્યાનમાં રાખીને તેમની ૨૭ અને ૨૮ ડિસેમ્બરની પ્રગતિ યાત્રા સ્થગિત કરી દીધી છે. તેમની યાત્રાનો પ્રથમ ચરણ ગઈકાલે સમાપ્ત થવાનો હતો. આજે તેમની મુલાકાત મુઝફ્ફરપુર અને કાલે વૈશાલીની હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ પ્રધાન અમિત શાહ ભૂતપૂર્વ વડા પ્રધાન મનમોહન સિંહના અંતિમ દર્શન માટે તેમના નિવાસસ્થાને પહોંચ્યા હતા. ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડા પણ તેમની સાથે છે. આ દરમિયાન બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે ડૉ. મનમોહન સિંહના નિધનને ધ્યાનમાં રાખીને તેમની ૨૭ અને ૨૮ ડિસેમ્બરની પ્રગતિ યાત્રા સ્થગિત કરી દીધી છે. તેમની યાત્રાનો પ્રથમ ચરણ ગઈકાલે સમાપ્ત થવાનો હતો. આજે તેમની મુલાકાત મુઝફ્ફરપુર અને કાલે વૈશાલીની હતી.

### ધારાસભ્ય હીરાભાઈ સોલંકીની ઉપસ્થિતિમાં

## રાજુલા ખાતે આવેલ વડનગર પ્રાથમિક શાળામાં વીર બાળ દિવસની ઉજવણી કરવામાં આવી

### માર્કેટયાર્ડનાં ચેરમેન સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહયા



રાજુલા, તા. ૨૭

રાજુલા ખાતે આવેલ વડનગર પ્રાથમિક શાળા નંબર ૨ ખાતે વીર બાળ દિવસની ખાસ વિશેષ ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆતમાં આ મંત્રી તો મહેમાનોના હસ્તે દીપક પ્રાગટય કરીને આ કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલો ત્યારબાદ તમામ આમંત્રિત મહેમાનોને પુષ્પગુચ્છ તેમજ શાલ ઓઢાડી અને સ્વાગત કરવામાં આવેલું આ વીર બાળ દિનની ઉજવણી અંતર્ગત બાળકોએ નિબંધ સ્પર્ધા વકૃત્વ સ્પર્ધા વેશભૂષા જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી આ પ્રાથમિક શાળામાં પણ બાળ દિવસની ઉજવણી માટે સમગ્ર સ્ટાફ દ્વારા ભારે મત ઉઠાવવામાં આવેલ આ કાર્યક્રમમાં બાળકો દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ રજૂ કરવામાં આવી હતી આ કાર્યક્રમમાં ધારાસભ્ય સહિતના આગેવાનોએ ઉપસ્થિત રહ્યા હતાં.કાર્યક્રમના અંતમાં ધારાસભ્યએ સમગ્ર કાર્યક્રમની ખૂબ જ સરસ રીતે રજૂ કરવામાં આવ્યો તે માટે આચાર્ય સહિત સમગ્ર સ્ટાફને બિરદાવેલ આ તકે ધારાસભ્યએ બાળ દિવસની ઉજવણીમાં હાજરી આપી હતી અને બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા આ તકે માર્કેટિંગ યાર્ડના ચેરમેન જીગ્નેશભાઈ પટેલ, ટીંબી માર્કેટિંગ યાર્ડના ચેરમેન ચેતનભાઈ શિયાળ, વડનગર પ્રાથમિક શાળાના આચાર્ય ગીતાબેન પટેલ, રવુંભાઈ ખુમાણ, વનરાજભાઈ વરૂ, મહેન્દ્રભાઈ ધાખડા વીરભદ્રભાઈ ડાભીયા, અરજણભાઈ વાઘ, રમેશભાઈ ડોબરીયા, તાલુકા ભાજપ પ્રમુખ ધીરજભાઈ નકુમ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ ખાતે શ્રી રામ ગ્રુપ મેરેજ બ્યુરો દ્વારા રઘુવંશી યુવક / યુવતીઓનો પરિચય મેળો યોજાયો



રાજકોટ ખાતે રામ ગ્રુપ મેરેજ બ્યુરો દ્વારા નિઃશુલ્ક હાઈ ટેક પરિચય મેળો સંપન્ન જેમાં ૯૦૦ થી વધુ ઉચ્ચ અભ્યાસ ધરાવતા રઘુવંશી યુવક યુવતીઓની biodata સાથેની ડિરેકટરીનું વિમોચન કરાયું મુકેશભાઈ તન્ના આશિષભાઈ પુજારાની ટીમ પર થઈ રહેલ અભિનંદન વર્ષા. ઘણા બધા યુવક યુવતીઓની પર્સનલ મિટિંગ યોજાઈ રામ ગ્રૂપના લગ્નોત્સુક યુવક યુવતીઓ તથા તમામ મેમ્બરોને biodata સાથેની pdf અપાઈ. સમારોહમા રાજકોટ લોહાણા મહાજનના દોદેદારો વિવિધ સંસ્થાના રઘુવંશી અગ્રણીઓ મહિલા મંડળના અગ્રણીઓ શુભેચ્છકો દાતા પરિવારજનો તથા ધારાસભ્ય તથા વિવિધ મેરેજ બ્યુરોના સંચાલકો ઉપસ્થિત રહ્યા. પરિચય મેળાને અભૂતપૂર્વ સફળતા મળી ટીમ વર્ક દ્વારા કાર્ય કરી સમાજમાં પ્રશસનીય કાર્ય પુરૂ પાડયા અહેસાસની લાગણીની અનુભુતી થઈ રાજકોટ. લોહાણા મહાજન દ્વારા સંચાલકોનું સન્માન કરાયું અનુભવી એન્કરોની ટીમ દ્વારા મોટા સ્ક્રીન પર biodata display કરી ઉચ્ચ અભ્યાસ ધરાવતા રઘુવંશી યુવક યુવતીઓનો વિસ્તૃય પરિચય અપાયો યુવતીઓના વાલીઓને પસંદગી ક્રમાંક મુજબ પર્સનલ કોન્ટેકટ સાથે અનુભવી બહેનોની ટીમ દ્વારા ગ્રુપ મિટિંગ કરાવાઈ. તમામ માટે ચા પાણી તથા સાંજે ગરમા ગરમ પાઉંભાજી ડિનરમા અપાઈ. એક હજાર જેટલાં રઘુવંશીઓ ઉમટી પડયા તમામને અભિનંદન પાઠવવામાં આવ્યા. કાર્યક્રમમાં દીપ પ્રાગટય બાદ મહેમાનોનું બૂકેથી સ્વાગત કરવામાં આવેલ.

## અખિલ ભારતીય કાઠી ક્ષત્રિય સમાજ દ્વારા કલેક્ટર, એસ.પી. મારફત રાજયપાલને આવેદનપત્ર પાઠવાયું

# મહિલા પોલીસકર્મીને પરેશાન કરનાર વિરૂધ્ધ કાર્યવાહી કરવા માંગ

**કાઠી ક્ષત્રિય સમાજની દિકરીને ખોટી રીતે કેસમાં ફિટ કરવાનાં પ્રયાસની તટસ્થ તપાસની માંગ કરાઈ**

**નીલવડા ગામની મારામારીની ઘટનામાં મહિલા પોલીસકર્મીનાં પરિવારનાં સભ્યોનાં નામ ખોટી રીતે કેસમાં ચડાવ્યાનું જણાવ્યું**

**મહિલા પોલીસને પરેશાન કરનાર કર્મચારી અને અધિકારીને સસ્પેન્ડ કરવાની માંગ કરાઈ**

**કાઠી ક્ષત્રિય સમાજનાં આગેવાનોએ મોટી સંખ્યામાં એકત્ર થઈ આવેદનપત્ર પાઠવ્યું**



અમરેલી, તા.૨૭

બાબરાનાં નીલવડા ગામે થોડાદિવસો પહેલાબનેલમારામારીની ઘટનાની ફરિયાદમાં મહિલા પોલીસકર્મીનાંપરિવારજનોનુંખોટીરીતે નામ ચડાવીને મહિલા પોલીસકર્મને પરેશાન કરવાની ઘટના અને બાદમાં મહિલા પોલીસકર્મીએફિનાઈલપીલેતા સારવારમાંખસેડવામાંઆવેલ.

આ ઘટના બાદ આજે અખિલભારતીયકાઠીક્ષત્રિયસમાજની બેઠક અમરેલી ખાતે યોજાયા બાદ કલેકટર અને એસ.પી. મારફત રાજયપાલને આવેદનપત્ર પાઠવીને સમગ્રઘટનાક્રમનુંવર્ણનકરીનેજે કોઈ જવાબદાર હોય તેમની વિરૂધ્ધ તપાસ કરવાની માંગ કરવામાં આવેલ.

આવેદનપત્રમાંજણાવેલછે કે, તા. ૨૨/૧૨/૨૦૨૪નાં રોજ બાબરા તાલુકાનાંનીલવડાગામમાંબેઅલગ

**અનુસંધાન પાના ૬ ઉપર**

## રખડતા પશુઓની સમસ્યા દૂર કરો



અમરેલી શહેરમાં અંદાજિત ૨૫૦૦થી ૩ હજાર જેટલી ગાય, આખલાઓ અને તેટલા જ પ્રમાણમાં રખડુ શ્વાન જોવા મળી રહ્યા છે. પાલિકા ધ્વારા થોડા દિવસો પહેલા ૩૦ થી ૩૫ પશુઓને ડબ્બે પુર્યા બાદ અકળ કારણોસર કામગીરી બંધ થઈ ગઈ અને રખડુ શ્વાનની સમસ્યાનાં નિરાકરણ માટે હજુ સુધી કોઈ આયોજન જ થયું નથી. રખડુ પશુઓનાં કારણે અવારનવાર અકસ્માત, ગંદકી સહિતની સમસ્યા ઉભી થતી હોય પાલિકાનાં શાસકો યોગ્ય કરે તે જરૂરી છે.

### સામાકાંઠા વિસ્તારની ઘટના

## જાફરાબાદમાં ખુલ્લી વખારમાંથી સ્ટીલની સાપ્ટીંગની ઉઠાંતરી

**પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૨૭

જાફરાબાદ ગામે આવેલ સામાકાંઠા શીતળા માતાના મંદિર પાસે રહેતા રાજેશભાઈ છનાભાઈ બારૈયા ઉર્ફે પોરબંદરવાળા નામના ૫૦ વર્ષિય માચ્છીમારની ખુલ્લી વખારમાં ગત તા. ૨૫ ના બપોરના એકથી ત્રણેક વાગ્યા દરમ્યાન કોઈ અજાણ્યો ચોર ઈસમ ગેરકાયદેસર પ્રવેશ કરી સ્ટીલની સાપ્ટીંગો નંગ-૨ કિંમત રૂપિયા ૧૫,૦૦૦ની ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### અગમ્ય કારણોસર પગલું ભર્યુ

## વડિયાનાં મોટા ઉજળા ગામે ૨૧ વર્ષિય યુવતીએ ઝેર પી લીધુ

**સારવાર દરમિયાન અંતિમ શ્વાસ લીધા**

અમરેલી, તા. ૨૭

વડીયા તાલુકાના મોટા ઉજળા ગામે રહેતા તુપ્તીબેન જગદિશભાઈ પરમાર નામનાં ૨૧ વર્ષિય યુવતિ કોઈ પણ અગમ્ય કારણોસર તા. ૨૫ના રાત્રીના દશેક વાગ્યાના અરસામાં પોતાના ઘરે કોઈ પણ ઝેરી દવા પી જતા સારવારમાં દાખલ કરતા સારવાર દરમ્યાન મોત થયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.


















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)